પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૯/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા સુદ-૧૧ વર્ષ : ૧૫ અંક : ૨૩૧

**સુવિચાર**

હકીકતમાં સામાન્યપણું નડતું નથી. પણ ખુમારી અને કાબેલિયતનો અભાવ આડખીલીરૂપ બનતો હોય છે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

ડેસ્ટિનેશન વેડીંગ કરો ગુજરાત ના સૌથી મોટા રિસોર્ટ માં સાસણ ગીર
૭૭ વીઘાં નો રીસોર્ટ

GreenWoods
• ૧૦૦ રૂમ
• રેન ડાન્સ એરિયા
• વેડિંગ હોલ
• પૂલ સાઇડ વેડિંગ
• પાર્ટી પ્લોટ
• રિસોર્ટ ની બધી એમિનીટીઝ
માત્ર રૂ. 4,99,000 માં
300 મેમ્બર્સ માટે
Lords
Call:+91 9898 1212 17, +91 97371 43311
Vishal Lords Inn Gir Forest, Near Madhubanti Dam, Malanka Gir

## આગામી ૨૦ સપ્ટેમ્બરનાં રોજ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ્હસ્તે


# અમરેલીનાં "રાજમહેલ"નાં રીનોવેશનનો પ્રારંભ અને બસપોર્ટનું લોકાર્પણ કરાશે

છેલ્લા એક વર્ષની નગરજનોની માંગ હવે પૂર્ણ થવા તરફ આગળ વધી રહી છે

નાયબ દંડક, કલેકટર સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્થળ પરીક્ષણ કર્યુ

મુખ્યમંત્રીનાં આગમનને લઈને વહીવટી તંત્રમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે

રાજુલા, સાવરકુંડલા અને ધારી ખાતે પણ મુખ્યમંત્રીનાં હસ્તે ભૂમિપૂજન અને લોકાર્પણ કાર્યક્રમ યોજાશે







અમરેલી, તા. ૧૩

અમરેલીખાતેઆગામી૨૦ સપ્ટેમ્બરનાં રોજ રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલનાંવરદહસ્તેરાજમહેલનાં રીનોવેશનનો પ્રારંભ અને બસ પોર્ટનું લોકાર્પણ કરવામાં આવશે. તેમજ મુખ્યમંત્રી સાવરકુંડલા, રાજુલા અને ધારી ખાતે પણ ભૂમિપૂજન અને લોકાર્પણકાર્યકરશે.

અમરેલીમાં મુખ્યમંત્રીનું આગમનથવાનુંહોયઆજરોજનાયબ દંડક કૌશિક વેકરિયા, કલેકટર અજય દહિયા સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓએરાજમહેલઅનેબસપોર્ટ સ્થળની મુલાકાત લીધી હતી. અમરેલી જિલ્લામાંમુખ્યમંત્રીનાંઆગમનનેલઈને તંત્રમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. શહેરમાંમાર્ગોનીમરામત, સફાઈ કાર્ય વેગવંતુ કરવામાંઆવ્યું છે.

## લાલાવાવ હનુમાન મંદિરે દર્શન કરીને આવતા હોય

# અમરેલીનાં લાઠી રોડ ઉપર સફેદ કારે હડફેટે લેતા સાયકલ ચાલકનું સારવાર દરમિયાન મોત

### કાર નં. જી.જે.–૫ જેએચ–૮૫૧૪ના ચાલકની શોધખોળ શરૂ

અમરેલી, તા. ૧૩

અમરેલી લાઠી રોડ એસ.ટી.ડીવીઝનની સામે વૃંદાવન પાર્ક–૪માં રહેતા અનિલભાઈ પ્રવિણભાઈ અગ્રાવતના પિતા પ્રવિણભાઈ આશારામભાઈ અગ્રાવત તા.૧૧નારોજસાંજનાઅમરેલીનાલાઠી રોડઉપરઆવેલલાલાવાવહનુમાનજીનું મંદીરેદર્શનકરવાગયેલત્યાં દર્શનકરીને ઘરે આશરે સાંજના સાડા સાતેકે વાગ્યા દરમ્યાન સાયકલ ઉપર પરત આવી રહયા હતાં ત્યારે તે રીલાયન્સ પેટ્રોલપંપની સામે રોડ ઉપરથી પસાર થતાંહતાં ત્યારે લાઠી બાજુથી એક સફેદ કલરનીફોર વ્હીલ નં. જીજે–૫–જેએચ ૮૫૧૪ના ચાલકે પ્રવિણભાઈ આશારામ ભાઈ અગ્રાવતની સાયકલ પાછળ કાર ભટકાડી દીધેલ જેથી તે રોડ ઉપર ફંગોળાઈ ગયેલ અને પડી જતા તેમને માથામાં ગંભીર ઈજા થયેલજેથી રાજકોટ ખસેડાયેલ હતાં. જયાં તેમનું સારવાર દરમિયાન મોત થયાનું પોલીસમાંજાહેર થવા પામેલ છે.

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/જોડકાપણની સોનોગ્રાફી,
ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન
વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત
લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU
આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર
જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,400/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## કલેકટર કચેરીએ પહોંચીને આવેદનપત્ર પાઠવ્યું

# અમરેલીનાં ગોકુળનગરનાં ૫૦૦થી વધુ પરિવારો શહેરમાંથી નજીકમાં એકત્ર થતી ગંદકીથી પરેશાન

### શહેરની ગંદકી નજીકમાં એકત્ર થતી હોય બંધ કરાવવા માંગ





અમરેલી, તા. ૧૩

અમરેલીનાસાવરકુંડલરોડ ઉપર આવેલ ગોકુલનગરમાં વસતાં લોકોએ આજે રેલી સ્વરૂપે અત્રેની કલેકટર કચેરીએ પહોંચી અને એક આવેદનપત્ર પત્રઆપીમાંગણીકરેલછે.

આવેદનપત્રમાંજણાવેલછે કે, આ ગોકુલનગર વિસ્તરમાં આશરે ૫૦૦થીવધુગરીબઅનેમધ્યમવર્ગના પરિવાર વસવાટ કરે છે. ત્યારે આ જ વિસ્તારમાંઅમરેલીનગરપાલિકાદ્વારા શહેરનોકચરોઠાલવવાજગ્યાફાળવેલ છે તેનો વિરોધ કરેલ છે.

આ કચરાના મસમોટા ઢગલાઓમાંથીઅસહયદુર્ગંધઆવીરહી છે. હાલ ચોમાસાનો સમય હોય, આ કચરાનાઢગલાઓ ઉપર વરસાદી પાણી પડતા આ વિસ્તારમાં વસવાટ કરતા વિસ્તારમાંઅસહયદુર્ગંધફેલાયરહીછે અને મચ્છરોનો પણ ખૂબજ ઉપદ્રવ થઈ રહયો છે. જેના કારણે આ વિસ્તારમાં મચ્છરો અને અસહય દુર્ગંધના કારણે રોગચાળોફેલવવાનો પણ ભયરહેલો છે. તેમજનગરપાલિકાના કર્મચારીઓદ્વારા અવારનવારઆકચરાનાઢગલાઓપણ સળગાવવામાં આવી રહયા છે. ત્યારે તેમાંથી નિકળતા ધુમાડા કારણે આ વિસ્તારના લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ જોખમ રહેલુ છે.

સાથોસાથ આ મસમોટા કચરાનાઢગલાનાકારણેથયેલગંદકીના કારણે આ વિસ્તારના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ નાના ભુલકાઓને કચરાના ઢગલાની બાજુમાં આવેલ ટ્રાન્સફોર્મરનજીકથીનાછુટકેપસારથવુ પડે છે. ત્યારે ત્યાંથી પસાર થતા ભુલકાઓને વીજશોક લાગવાનો કોઈ ગંભીર બનાવ બને તેવી શકયતાઓ રહેલી છે. તો યોગ્ય કરવા આવેદનપત્રનાઅંતમાંમાંગણીકરેલછે.

# અમરેલીનાં બાયપાસ માર્ગ ઉપર ૨ બેટરીની તસ્કરે કરી ઉઠાંતરી

અમરેલી, તા. ૧૩

અમરેલીનાં ચોરપા વિસ્તારમાં આવેલ રામજી મંદિરની બાજુમાં, જેનબ બંગ્લોઝમાં રહેતા દિલાવરહુસેન બુખારીના અમરેલી કેરીયારોડબાયપાસઅવધડેરીનીસામે સરદાર કોમ્પ્લેક્ષમાં આવેલ પરફેકટ ઓટોગેરેજમાંતા. ૧૧નાંરાત્રે૯થીતા. ૧૨નાં સવારે ૯:૩૦ વાગ્યા દરમિયાન કોઈપણ સમયે રીપેરીંગમાં આવેલ ટ્રક નં. જી.જે.–૦૨ ઝેડ–૭૭૦૯ વાળા ટ્રકમાં ફીટ કરેલ ૧૨ વોલ્ટની અને ૮૮ એમ્પીયરની એકસરખી બે બેટરીઓ જે એકબેટરીનીકિંમતરૂપિયા૫૦૦૦લેખે બે બેટરીઓની કિંમત રૂપિયા ૧૦,૦૦૦નીકોઈઅજાણ્યોચોરઈસમ ચોરીકરીલઈ ગયાની પોલીસમાંફરિયાદ નોંધાઈ છે.

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર......................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય..............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
"અમરેલી એક્સપ્રેસ" દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## દોઢ લાખ શહેરીજનોને વિકાસનાં ફળ ચાખવાની ઈચ્છા

# અમરેલીમાં જિલ્લા મથક કક્ષાની સુવિધા ઉભી કરો

### શહેરમાં વિશાળ ટાઉનહોલ, વધુ એક પોલીસ સ્ટેશન, બાબરા અને ચાવંડ સુધી ફોરલેન માર્ગ જરૂરી

### સિવિલ હોસ્પિટલમાં રહેલ અનેક પ્રકારની દુવિધાઓનો પણ નિકાલ કરવો જરૂરી

### શહેરમાં ફેલાયેલ અંધારપટ્ટ દૂર કરો, જાહેર માર્ગ પરનું દબાણ દૂર કરી નવા આધુનિક સર્કલ બનાવો

### સત્તાધારીપક્ષનાં ધારાસભ્યો અને સાંસદ તેમજ પદાધિકારીઓએ મુખ્યમંત્રીને રજૂઆત કરવી જોઈએ

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર એ જિલ્લાનું મુખ્ય મથક હોવા છતાં પણ શહેરમાં અનેક પ્રકારની સમસ્યાઓ વિકરાળ બની હોય મુખ્યમંત્રીનું આગામી અઠવાડીયે આગમન થતું હોય જિલ્લાનાં સાંસદ, તમામ ધારાસભ્યો અને અન્ય પદાધિકારીઓએ રજૂઆત કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યાં છે.

અમરેલીમાં વિશાળ પાર્કિંગ સાથેના ટાઉનહોલનો અભાવ હોવાથી સાંસ્કૃતિ કાર્યક્રમોનાં આનંદથી શહેરીજનો વંચિત રહેતા હોય વિશાળ ટાઉનહોલ બનાવવાની જરૂર છે. શહેરમાં કાયદો–વ્યવસ્થા જાળવવા વધુ એક પોલીસ સ્ટેશન કાર્યરત કરવું જોઈએ, બાબરા અને ચાવંડ સુધીનાં માર્ગને ફોરલેન બનાવવો જોઈએ.


તદુઉપરાંત શહેરમાં એકાદ હજાર જેટલી સ્ટ્રીટલાઈટને ઝગમગતી કરવી જોઈએ, બિસ્માર માર્ગોની મરામત કરવી, જાહેર માર્ગો પરનું દબાણ દૂર કરો, સિવિલ હોસ્પિટલની બીમારી દૂર કરો, પાણી–પુરવઠા અને માર્ગ–મકાન (પંચાયત)નાં મુખ્ય અધિકારીની ખાલી જગ્યા ભરો, પાલિકા કચેરીનાં ડો. જીવરાજ મહેતા ચોકમાં આવેલ જુના મકાનને જમીનદોસ્ત કરો, નાગનાથ મંદિરનો યાત્રાધામમાં સમાવેશ કરો, શહેરમાં દિવસ દરમિયાન ટ્રક અને લકઝરી બસની અવરજવર અને પાર્કિંગ બંધ કરાવો, નૂતન અને ફોરવર્ડ હાઈસ્કૂલની સુવિધા વધારો, સિટી બસનો પ્રારંભ કરો, રખડતા પશુઓને ડબ્બે પુરો, શહેરમાં એકાંતરા નિયત સમયે પાણી વિતરણ કરવા સહિતની બે ડઝન જેટલી સુવિધા ઉભી કરવા માટે શહેરીજનો માંગ કરી રહ્યા હોય મુખ્યમંત્રી અમરેલીનાં વિકાસ માટે સોશ્યલ પેકેજ જાહેર કરે તેવી માંગ ધારાસભ્યો અને સાંસદે કરવી જોઈએ.


---

#### ધારાસભ્ય કસવાલા, કૌશિક વેકરિયા સહિત અનેક ધારાસભ્યોની રજૂઆતને મળી સફળતા

## રાજયમાં ખેતીની જમીન વેચાણ કિસ્સામાં દાખલ નોંધ અને પ્રમાણિત કરવાના નિર્ણયની કાર્યવાહીમાં સરળતા લાવતા મુખ્યમંત્રી

### ખેડૂત ખરાઈ માટે રેકર્ડ ચકાસણીમાં ૬ એપ્રિલ ૧૯૯૫થી જ મહેસુલી રેકર્ડ ધ્યાનમાં લેવાશે : મુખ્યમંત્રી





સાવરકુંડલા, તા. ૧૩

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસનના સફળ ત્રણ વર્ષ પૂર્ણ કરીને ચોથા વર્ષમાં પ્રવેશના પ્રથમ દિવસે જ રાજયભરનાં ખેડૂતોના વ્યાપક હિતમાં કરેલા આ કલ્યાણકારી નિર્ણયોના પરિણામે ઈઝઓફડુઈંગબિઝનેસને વધુ લોકઉપયોગ નિર્ણય આજે ત્રણ વર્ષ પૂર્ણ થતાં ચોથા વર્ષનાં પ્રથમ દિવસે ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. રાજયમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓમાં વેચાણ નોંધ હકકપત્રકમાં દાખલ કરતી વખતે વેચાણ લેનાર ખેડૂત ખાતેદાર પાસેથી ૧૯૫૧–૫૨થી ખેડૂત હોવા અંગે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાની પ્રથા ગુજરાત રાજયમાં અમલમાં હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે, બિનખેતીની પરવાનગી દરમ્યાન મૂળથી ખેડૂત ખાતેદારની ચકાસણીના કિસ્સાઓમાં રેકર્ડની બિન ઉપલબ્ધતા અને બિનખેતી મંજૂરીના કેસોમાં વિલંબને કારણે ખેડૂતો અને અરજદારોને અનેક સમસ્યાઓ નડે છે. ૧૯૫૧–૫૨ થી બિનખેતી પરવાનગી સમયે જયારે મૂળ થી ખેડૂત ખાતેદાર હોવાના આધાર પુરાવાઓ માંગવામાં આવે છે ત્યારે આવા પુરાવઓ જિલ્લા વિસ્તરણ, પૂર જેવી આકસ્મિક કુદરતી આપત્તિઓ તેમજ વડીલો અને હાલ ખરીદ કરનારાઓ ધ્વારા જૂના માણસોના ખેડૂત હોવાના પુરાવાઓ અપ્રાપ્ય હોવાને કારણે વેચાણ–નોંધો તેમજ બિનખેતી અરજીઓ ખેડૂત ખરાઈના મુદે દફતરે કરવાના કે નામંજૂર કરવાના કિસ્સાઓ રાજય સરકારના ધ્યાનમાં આવ્યા છે. આના પરિણામે મૂળ ખેડૂત ખરાઈ બાબતે મૂળથી રેકર્ડની ચકાસણી કરવા બાબતે રેકર્ડની બિન ઉપલબ્ધતાના કારણે વેચાણ–નોંધા અને બિનખેતી મંજૂરીઓના કેસોમાં સરળીકરણ કરવાના હેતુથી મુખ્યમંત્રીએ મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં તા. ૬ એપ્રિલ ૧૯૯૫ પછીના રેકર્ડને જધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે ૬ એપ્રિલ ૧૯૯૫ પહેલાનાં સમયે ધારણ કરેલી કોઈ જમીનનાં કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધા મંજૂર કરવાના તબકકે લાગુ પડશે નહીં. ખેડૂત હોવા અંગેના ઉપલબ્ધ ઓનલાઈન રેકર્ડ તપાસીને સક્ષમ મહેસુલી સત્તાઅધિકારીએ ખેડૂત ખરાઈ કરી આપવા નોંધ પ્રમાણિત કરવાનો નિર્ણય કરશે. વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેનો નિર્ણય કરતી વખતે ખેડૂત ખરાઈ પ્રમાણપત્રનો આગ્રહ રાખવાનો રહેશે નહીં. જોકે આવી ખેતીની જમીનની હકકપત્રકમાં વેચાણ નોંધ દાખલ કરતી વખતે ખેડૂત ખાતેદારે પોતે ખેડૂત ખાતેદાર હોવાનું સોગંદનામુ નિયત નૂમનામાં રજૂ કરવાનું રહેશે સાથે મુખ્યમંત્રીએ વધુમાં એવો મહત્વપૂર્ણ નિર્ણયો કર્યો છે કે, મૂળ થી જૂની શરતની હોય તથા ખેતીથી ખેતીના હેતુ માટે શરત થયેલા હોય, પરંતુ બિનખેતી માટે પ્રિમિયમને પાત્ર હોય તેવી જમીનો માટે જયારે બિનખેતી માટેની અરજી આવે, ત્યારે માત્ર ખેડૂત ખરાઈના હેતુસર ૬ એપ્રિલ ૧૯૯૫ પછીનું જ રેકર્ડ ધ્યાને લેવાનું રહેશે. આવી પરવાનગી વખતે કબ્જેદારો પાસેથી "ફકત બિનખેતી વિષયક પરવાનગી આપવાની અરજી હોવાનું તેમજ આ પરવાનગીથી માલીકીપણા–ટાઈટલ કે અન્ય કોઈ બાબતે વિસંગતતા જણાય તો કાયદેસરની કાર્યવાહી કરવાપાત્ર રહેશે." એ પ્રકારનું સોગંદનામું કલેકટરોએ મેળવી લેવાનું રહેશે. બિનખેતી પરવાનગી અંગેની અન્ય જોગવાઈઓ યથાવત રહેશે તથા તેઓ ચુસ્તપણે અમલ તમામ સક્ષમ સત્તાધિકારીઓએ કરાવવાનો રહેશે. તેમજ મુખ્યમંત્રીએ એવો પણ નિર્ણય કર્યો છે કે, હાલ જે કેસોમાં ખેડૂત ખાતેદારના દરજજા બાબતે લીટીગેશન કે તપાસ પડતર છે તેવા કિસ્સાઓમાં આ જોગવાઈઓ લાગુ પડશે નહિ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં આ મહત્વપૂર્ણ નિર્ણયો અંગેના ઠરાવો રાજયના મહેસુલ વિભાગે જારી કર્યા છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિરાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપતા મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે જે અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા– લીલીયા વિધાનસભાના ધારાસભ્ય મહેશ કસવાલા અને વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાએ દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી અને ભાજપની સરકારનો સહૃદય આભાર વ્યકત કર્યો હતો તેમ સત્વ અટલધારા કાર્યાલયનાં ઈન્ચાર્જ જે.પી. હિરપરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

## સાવરકુંડલા : પશુપાલન પોલિટેકનિકમાં મેગા થેલેસેમિયા કેમ્પ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૩

તાલુકાના ખડસલી ગામે પશુપાલન પોલિટેકનિક કોલેજમાં ૭૫ વિદ્યાર્થીઓના થેલેસેમિયા ટેસ્ટ કરવામાં આવેલ હતો જેમાં માતૃશ્રી વિમળાબેન ચંપકલાલ ખેતાણી પરિવાર ફાઉન્ડેશન સાવરકુંડલા (હાલ મુંબઈ) સતત ચોથા વર્ષથી લાભાર્થી અને ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સાવરકુંડલાના સહયોગથી આ કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં ગ્રામ સેવા કેન્દ્ર ખડસલી તરફથી હરેશભાઈ પંડ્યા તેમજ પશુપાલન પોલિટેકનિકના તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા તેમ પશુપાલન પોલિટેકનિક ખડસલીના પ્રિન્સિપાલ ડોક્ટર કુણાલ કુમાર બદાણીએ જણાવ્યું હતું.

---

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થીભુવનમાં ગણપતિ વંદના કરતા નાયબદંડક



અમરેલી, તા. ૧૩

અમરેલી શ્રીજી વિદ્યાર્થીભુવન નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયાએ. એ શુભેચ્છા મુલાકાતે પધાર્યા હતાં. તેઓએ ગણપતિ ઉત્સવ નિમિતે સંસ્થામાં વિઘ્નહર્તા ગણપતિ મહારાજના દર્શન કરી, ગણપતિ બાપાના આર્શીવાદ લીધા હતાં.

સંસ્થાના સંચાલક દિપકભાઈ વઘાસિયા, વિલાસબેન વઘાસિયાએ સંસ્થાની શિક્ષણ અને સંસ્કારની વિવિધ પ્રવૃતિઓની તેમને જાણકારી આપી હતી. ભારતીય સંસ્કૃતિના તહેવારો ખૂબ જ ભકિતભાવથી ઉજવાય છે. વિદ્યાર્થીઓને પરંપરાથી ઉજવાતા તહેવારોની સાથે જોડીને દેશ ભાવના અને ભકિત ભાવનાથી સંસ્કારોનું સિંચન કરવામાં આવે છે.

---

#### જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## અમરેલી જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લોકભાગીદારી સાથે વિવિધ સ્થળોએ કાર્યક્રમો કરવામાં આવશે

### સાસંદ, નાયબ દંડક, ધારાસભ્યો બેઠકમાં ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૧૩

તા. ૨ ઓકટોબર મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ તેમને શ્રદ્ધાંજલિ આપવા તેમના સ્વચ્છતા માટેના અનુગ્રહને ધ્યાને રાખી ભારત અને રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે છે. સ્વચ્છતા માટે નાગરિકોમાં એક આદત કેળવી શકાય અને કચરા નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે ખાસ ઝુંબેશ શરૂ થશે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા. ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪થી સ્વચ્છતા હી સેવા –૨૦૨૪ અભિયાનનો પ્રારંભ થશે.

અમરેલી જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લોકભાગીદારી સાથે વિવિધ સ્થળોએ કાર્યક્રમો કરવામાં આવશે. આ કાર્યક્રમને જનઆંદોલન સ્વરૂપે સફળ બનાવવાના હેતુથી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને જિલ્લા સેવાસદન ખાતે એક બેઠક યોજાઈ હતી. સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી, બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારી, બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં નિવાસી અધિક કલેકટર ગોહિલે કાર્યક્રમના આયોજનની વિગતો આપી હતી. જિલ્લા કલેકટરએ કહ્યુ કે, સ્વચ્છ ભારત અભિયાન દરમિયાન કચરાની માત્રા વધુ હોય તે સ્થળો પર સફાઈ થશે. પદાધિકારીઓના સહકારથી વધુમાં વધુ નાગરિકોને આ કાર્યક્રમમાં જોડવામાં આવશે. આ સમયગાળા દરમિયાન હાઈવે, જાહેર માર્ગો, રેલવે અને બસ સ્ટેશન સહિત જાહેર પરિવહનના સ્થળ, નદી, નાળા, તળાવના કાંઠા સફાઈ, મુખ્ય માર્ગો, બજાર, ચોક, મહાનુભાવોની પ્રતિમાઓ, સર્કલ, સરકારી અને જાહેર સાહસની કચેરીઓ, નગરપાલિકાના આઉટગ્રોથ વિસ્તારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક સ્થળો સહિતના સ્થળોની સઘન સફાઈ થશે.

જાગૃતિ અભિયાનના ભાગરૂપે દિવાલ પર ચિત્રો, સ્વચ્છતા રેલી, સાંસ્કૃતિક કાર્યક્રમો, નુક્કડ નાટકો સહિતના વિવિધ માધ્યમો દ્વારા સ્વચ્છતાનો સંદેશ જન–જન સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. આ અભિયાનના મહત્વના અંગે એવા સફાઈ મિત્રોનું સન્માન, તેમના આરોગ્યની તપાસણી થશે. જિલ્લા કલેકટરએ આ કાર્યક્રમના સફળ અને સુચારૂ આયોજન માટે દિશાનિર્દેશો આપ્યા હતા. બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, નાયબ પોલીસ અધીક્ષક ગોહિલ સહિત અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

#### મુખ્યમંત્રીનું આગમન થતુ હોય ધારાસભ્યો કરે રજુઆત

## અમરેલી જિલ્લામાં નવા પોલીસ મથક શરૂ કરવા સહિતની અનેક માંગ પુર્ણ કરવી જરૂરી

### અગણિત પ્રશ્નોનુ નિરાકરણ કરવાનો સમય આવી ગયો

અમરેલી, તા. ૧૩

અમરેલી જીલ્લો એ રાજયના છેવાડાનો વિસ્તાર છે અને વર્ષોથી પછાત જિલ્લા તરીકેં ની ઓળખ ધરાવે છે અમરેલીના મુખ્ય શહેરમાંથી કોઈપણ ફોરટ્રેક રોડ પસાર થતો નથી બ્રોડગેજનું કામ ધીમી ગતિએ ચાલી રહ્યુંછે અમરેલી શહેરમાં બે અલગ પોલીસ મથકોની માંગણી છે મધ્યસ્થ બેંકની પાછળ નવી ડી.વાય.એસ.પી. કચેરી બનાવવાની જરૂર છે દરિયા કાંઠાના વિસ્તારોમાં અસરકારક ટ્રાફિક નિયમન માટે ટ્રાફિક પોલીસ સ્ટેશન નવું હોય એ જરૂરી છે. મરીન કમાન્ડો સેન્ટર અને એસ.આર.પી. ગ્રુપ છે જે બની રહેલ છે તેમાં ઓફિસો કોલોનીઓ બનાવવાની જરૂર છે રાજુલામાં ડી.વાય.એસ.પી. ની નિમણૂક અને હીંડોરણા પોલીસ ચોકીને ફરીથી કાર્યરત કરવાની માંગણીઓ થતી રહે છે. જિલ્લાના દરેક પોલીસ મથકોમાં ફોન નંબર–૧૦૦ની સુવિધા ઉભી કરવાની જરૂર છે પૂરતા પી.સી.આર. વાહનો મળે એ જરૂરી છે.

રાજુલામાં નવું બની રહ્યું હતું જે સરકારી ગેસ્ટ હાઉસ કયા કારણોસર ખંડેરની જેમ ઉભેલું છે? નવી ન્યાય કોર્ટના નબળા બાંધકામો અંગે વકીલોએ કે રજૂઆત કરેલી છે તેનું નિરાકરણ કરવાની જરૂર છે.

રાજુલામાં અઢી વર્ષથી ખાલી ચીફ ઓફિસરની અને જનરલ હોસ્પિટલમાં વર્ગ ૧ ના કર્મચારીની નિમણૂકો અને રસ્તાઓના પ્રશ્નો લોકો વેઠીને હેરાન થઈ રહેલ છે. નગરપાલિકા રાજુલામાં ખૂટતા સ્ટાફ, વાહનોના પ્રશ્નો નું નિરાકરણ લોકો ઈચ્છે રહેલા છે અંકુશની કચેરીમાં આઠેક વર્ષથી કોઈ અધિકારી નથી. જુના દેવકાગામ થી નેશનલ હાઈવે સુવિધાઓ ત્રણ કિલોમીટરનો અપ્રોચ રોડ સારો બનાવવાની જરૂર છે. પીપાવાવ થી સુરતની રો–રો ફેરી સર્વિસ ક્યારે શરૂ થશે એ લોકો ઈચ્છવી રહ્યા છે રાજુલાથી એમ્સ હોસ્પિટલ રાજકોટ સુધીની સીધી સેટલ બસ ની માંગણી પણ પેન્ડિંગ છે. જિલ્લાના આ ઉપરના મહત્વના પણ પ્રશ્નો ગાંધીનગરના ઉચ્ચ સત્તાધીશો નિકાલ કરે એવી લોકોની માંગણીઓ છે.

---

#### ગુજરાત મારવાડી વણકર ટ્રસ્ટી દ્વારા

## અમરેલીનાં અમરપૂર (વરૂડી) ખાતે આવતી કાલે ૧૨મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજાશે

### વરૂડીના પૂર્વ સરપંચ શાંતિલાલ રાણવા મુખ્ય દાતા રહેશે



અમરેલી, તા. ૧૩

સમસ્ત (વરૂડી) ખાતે તા. ૧૫/૯/૨૪ના રોજ ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ આયોજીત ૧૨ મો વિદ્યાર્થી સન્માન સમારોહ યોજવા જઈ રહ્યો છે. આ કાર્યક્રમના દાતા વરૂડીના માજી, સરપંચ, નિવૃત વનઅધિકારી શાંતિલાલ રાણવા તથા જયહિંદ ખાદી ભંડાના સંચાલક નારણભાઈ પાતળીયાની યાદી જણાવે છે કે આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૧૨ સુધીના વિદ્યાર્થીઓ જેને ૧ થી ૩ નંબરે ઉતીર્ણ થયા છે. તેમનું તથા સમાજના નોકરીમાં નવા જોડાયેલા કર્મચારીઓનું, નિવૃત થયેલ કર્મચારીઓનું તથા કવિઓનું સન્માન થવાનું છે. આ કાર્યક્રમ સૌરાષ્ટ્ર યુનિ.ના સાયકોલોજી વિભાગના ડીન.પ્રો.ડો. યોગેશભાઈ જોગસણાના પ્રમુખ સ્થાને થશે. આ કાર્યક્રમના ઉદઘાટક જનેશભાઈ બઢીયા તથા સબરજીસ્ટ્રાર વિજયભાઈ ડાભી રહેશે. આર્શિવચન ઉમરાળાના સરપંચ અને જૈન ધર્મ પ્રચારક ધર્મેન્દ્રભાઈ અમુભાઈ બોરીયા, બાબુભાઈ બાજક હાજરી આપશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા ટ્રસ્ટના પ્રમુખ પ્રવિણભાઈ સેજુ અને તેમની ટીમ તથા વરૂડી ગામના તમામ પંચ ભાઈઓ તૈયારી કરી રહ્યા છે.

---

## સાવરકુંડલા : વિદ્યાર્થિની માટે સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર પર સેમિનાર યોજાયો



સાવરકુંડલા, તા. ૧૩

શ્રી નૂતન કેળવણી મંડળ સાવરકુંડલા સંચાલિત શ્રી વી. ડી. કાણકિયા આર્ટ્સ અને શ્રી એમ. આર. સંઘવી કોમર્સ કોલેજમાં તા. ૧૩.૯.૨૪ને શુક્રવારના રોજ વુમન સેલ અંતર્ગત સ્તન કેન્સર અને ગર્ભાશયના કેન્સર પર એક માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સેમિનારમાં સંસ્થાના સ્થાપક સ્વ. લલ્લુભાઈ શેઠના સુપુત્ર તેમજ જાણીતા કેન્સર સ્પેશિયાલિસ્ટ ડો. દીપકભાઈ શેઠ, શ્રી નૂતન કેળવણી મંડળના વિભાગીય ટ્રસ્ટી વિનુભાઈ રાવળ તેમજ આશીર્વાદ ફાઉન્ડેશનના અમરેલી જિલ્લા કોર્ડીનેટર મીતાબેન જોશી હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ડો. દીપકભાઈ શેઠે સ્તન કેન્સર તેમજ ગર્ભાશયના કેન્સર પર પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યુ હતું. ત્યારબાદ મુખ્ય વક્તા મીતાબેન જોષીએ મહિલાઓમાં વધતા જતા સ્તન કેન્સર તેમજ ગર્ભાશયના કેન્સરના કારણો તેમજ નાની વયે તેને કેવી રીતે અટકાવી શકાય તેના વિશે પાવર પોઈન્ટ સ્લાઈડની મદદથી ખૂબ જ રસપ્રદ રીતે વિદ્યાર્થીની બહેનોને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત આશીર્વાદ ફાઉન્ડેશનના ઉપક્રમે તમામ વિદ્યાર્થીની બહેનોને સ્તનકેન્સર તેમજ ગર્ભાશયના કેન્સર વિશે જાણકારી આપતી બુકલેટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું. કાણકિયા કોલેજના પ્રિન્સિપાલ ડો. એસ. સી. રવિયાના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સંચાલન વાઈસ પ્રિન્સિપાલ પ્રો. રીંકુબેન ચેધરી અને પ્રો.ડો. પુષ્પાબેન રાણીપા દ્વારા કરવામાં આવ્યું હતું.

---

## રાજુલા આઈ.ટી.આઈ. ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા. ૧૩

રાજુલા આઈ.ટી.આઈ. ખાતે તા. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાકે રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. ઓટોમોબાઈલ કંપની મારૂતિ સુઝુકી મોટર્સ હાંસલપુર બેચરાજી પ્લાન્ટ માટે INNOV કંપની દ્વારા આયોજિત રોજગાર ભરતી મેળામાં ૧૮ થી ૨૪ વર્ષ સુધીની વયના ઈલેકિટ્રશિયન, વાયરમેન મશીનિસ્ટ, ફીટર, વેલ્ડર, ટ્રેકટર મિકેનિક, મોટર મિકેનિક, ડીઝલ મિકેનિક, ટુલ ડાયમેકર અને ઈલેકટ્રોનિક મિકેનિક ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓ ભાગ લઈ શકશે. કંપની દ્વારા FTC તરીકે અંદાજે રૂ. ૨૩,૩૦૦ અને એપ્રેન્ટીસ તરીકે અંદાજે રૂ. ૧૮,૩૦૦ જેટલો પગાર ચૂકવવામાં આવશે. વય મર્યાદા અને ટ્રેડ લાયકાત ધરાવતા અમરેલી જિલ્લાના ઉમેદવારોએ રાજુલા આઈ.ટી.આઈ. ખાતે જરૂરી ડોકયુમેન્ટ સાથે ઉપસ્થિત રહેવું. વધુમાં ચાલુ વર્ષે આઈ.ટી.આઈ.માંથી ઉકત કોઈપણ ટ્રેડમાંથી તાલીમ લઈ પરીક્ષા આપી હોય તે ઉમેદવારો પણ આ રોજગાર ભરતી મેળામાં પણ ભાગ લઈ શકશે, તેમ રાજુલા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

## રેંકડીઓ, કેબિનોની સંખ્યામાં તોતિંગ વધારો થઈ રહ્યો છે

# પાલિકાની નિષ્ક્રીયતાનાં પાપે ફૂટપાથ અને માર્ગો પર અવિરત દબાણ

**શહેરનાં હરિરામ ચોકથી શરૂ કરીને ગાંધીબાગ થઈને અતિથિગૃહ સુધી ફૂટપાથ પરનું દબાણ દૂર કરો**

**ગાંધીબાગ સામે આવેલ ફૂટપાથ પર સતત દબાણ વધતું હોય શહેરીજનોને મુશ્કેલી**

**નાગનાથ મંદિરની ગોળાઈમાં પણ રેંકડીઓ અને કેબિનોની હારમાળા સર્જાઈ**

**પાલિકાએ જાહેર માર્ગો અને ફૂટપાથને બદલે અન્ય સ્થળોએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી જોઈએ**







અમરેલી, તા. ૧૩

અમરેલી શહેરમાં જાહેર માર્ગો કે પગપાળા માટેની ફૂટપાથ ઉપર છેલ્લા એક વર્ષથી સતત રેંકડીઓ અને કેબિનો ઉભા કરવામાં આવતાં શહેરીજનોને પગપાળા કે વાહન ચલાવવા કે વાહન પાર્કિંગ કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય પાલિકાનાં શાસકો રેંકડીઓ અને કેબિન ધારકને વૈકલ્પિક જગ્યા ફાળવીને જાહેર માર્ગો અને ફૂટપાથને ખુલ્લા કરાવે તેવી માંગ ઉભી થઈ છે.

શહેરનાં હરિરામબાપા ચોકથી ગર્લ્સ હાઈસ્કૂલની દીવાલ, ગાંધીબાગ અને સરકારી અતિથિગૃહ સુધીની ફૂટપાથ પર વ્યાપક પ્રમાણમાં દબાણ થયેલ જોવા મળે છે. તો ગાંધીબાગની સામે આવેલ ફૂટપાથ પર પણ દબાણ વધી રહ્યું છે તો નાગનાથ મંદિરની ગોળાઈ ઉપર પણ રેંકડીઓ અને કેબિનોનો જમેલો હોવાથી વાહનચાલકોને મુશ્કેલી ઉભી થઈ રહી છે.

શહેરમાં ખાદી ભવન, જૂના માર્કેટયાર્ડ રોડ, હંગામી બસ સ્ટેન્ડ સામે, શાકમાર્કેટ, હરિરોડ, લાયબ્રેરી ચોક, ભીડભંજન ચોક સહિતનાં વિસ્તારમાં પણ જાહેર માર્ગ ઉપર ઓટલા, છાપરા, કેબિન અને રેંકડીઓનું દબાણ જોવા મળે છે. તો ટેલિફોન કચેરીની પાછળની દીવાલ, વ્યાયામ મંદિરની બહાર ફોરવર્ડ સ્કૂલ સામે પણ દબાણ જોવા મળે છે તો ગોળ હોસ્પિટલની સામેની ફૂટપાથ પણ ચાલવા લાયક નથી રહી.

પાલિકાનાં બાંધકામ વિભાગે યુધ્ધનાં ધોરણે શહેરમાં સર્વે કરીને જાહેર માર્ગ પરનું દબાણ દૂર કરાવીને રેંકડી અને કેબિનધારકને વૈકલ્પિક જગ્યા ફાળવવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

## મોટા માચીયાળા પ્રાથમિક શાળા ખાતે કલસ્ટર કક્ષાનું બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું



અમરેલી, તા. ૧૩

પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં જીજ્ઞાશા અને રચનાત્મકતા વધે અને બાળકના આસપાસમાં થઈ રહેલી ગતિવિધિઓમાં વિજ્ઞાનની અનુભૂતી કરે તથા વિવિધ પ્રક્રિયાની ભૌતિક અને સામાજીક પર્યાવરણ સાથે જ્ઞાન પ્રાપ્ત કરે, વિજ્ઞાન અને તકનીકીનો વિકાસ કેવી રીતે થયો છે તે જાણે તથા બાળકમાં રહેલી શકિતઓને બહાર લાવવા, અને બાળકનો અવનવી વૈજ્ઞાનીક બાબતોમાં વિકાસ થાય તેવા હેતુથી રાજયના શિક્ષણ વિભાગ દ્વારા જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક શાળામાં બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

આજ રોજ મોટા માચીયાળા પ્રાથમિક શાળા ખાતે નાયબ શિક્ષણાધિકારી સોલંકી સાહેબની ઉપસ્થિતિમાં મોટા માચીયાળા કલસ્ટરના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કલસ્ટરમાં આવતી તમામ સરકારી ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના બાળકો દ્વારા ભાગ લઈ પોતાની વિવિધ પ્રયોગો પ્રદર્શનમાં મુકયા હતાં. શાળાના શિક્ષકોના માર્ગદર્શન હેઠળ શાળાના બાળકો પોતાના વિચારોથી પ્રયોગ તૈયાર કરવામાં આવ્યા હતાં. કલસ્ટર કક્ષાના આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનમાં ૧૨ કૃતિ મુકવામાં આવી હતી.

બાળ વૈજ્ઞાનીક પ્રદર્શનમાં પાંચ વિભાગમાં નિર્ણાયકો દ્વારા તમામ કૃતિ નિહાળી તેમાંથી શ્રેષ્ઠ કૃતિ પસંદ કરી પ્રથમ, દ્વિતિય અને તૃતિય એમ પસંદ કરવામાં આવેલ અને તેમને પ્રોત્સાહન ઈનામ આપી પોત્સાહિત કરવામાં આવ્યા હતાં. પાંચ વિભાગ પ્રથમ આવનાર કૃતિ હવે તાલુકા કક્ષાએ ભાગ લેશે.

બાળ વૈજ્ઞાનીક પ્રદર્શનમાં ખાસ ઉપસ્થિત રહેલા નાયબ શિક્ષણાધિકારી સોલંકી દ્વારા બાળકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સાથે સાથે કલસ્ટરના સી.આસ.સી. મકવાણા દ્વારા તાલુકા અને જીલ્લા કક્ષાએ કલસ્ટરના બાળકો ભાગ લે અને સિધ્ધી પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવી હતી. આ તકે મોટા માચીયાળા ગામના સરપંચ, ગામના આગેવાનો, શાળાનો સ્ટાફ, વાલીઓ ઉપસ્થિત રહી પ્રદર્શન નીહાળેલ તથા બાળકોએ પ્રોત્સાહિત કરયા હતાં.

## અમરેલી ખાતે મોઢ વણિક સમાજ દ્વારા નેત્રયજ્ઞ યોજાયો



અમરેલી, તા. ૧૩

અમરેલી મોઢ વીણક કોમ્યુનિટી તથા પારેખ રણછોડદાસ દેવચંદ વિદ્યાર્થીગૃહ તેમજ મંત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે નેત્રનિદાન તથા નેત્રમણી આરોપણ કેમ્પ યોજાયો શરૂઆતમાં મોઢ વણિક જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ પરીખ દ્વારા સ્વાગત મહેમાનોનું થયેલ તથા કેમ્પની વિગતો આપેલ. આ તકે સમસ્ત વણિક સમાજના પ્રમુખ ડો. બી.એન.મહેતા અને મંચસ્થ મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય થયેલ. આ તકે રાજુભાઈ પરીખ, મહેન્દ્રભાઈ મહેતા, નેત્રાલયના ડો. પલકબેન મોદીપ કિર્તીભાઈ ભટ્ટ, ભગીરશ્રીબેન સોલંકી, શૈલેષભાઈ પરિખ ઉપસ્થિત રહેલ. તેમજ હિરેનભાઈ પરીખ, સંજયભાઈ પરીખ, ગાંગડીયા ગીરીશભાઈ રાઠોડ તેમજ જ્ઞાતિજનોએ સેવા આપેલ. આ કેમ્પમાં ૬૮ લાભાર્થીઓ લાભ લીધેલ તથા ૨૦ મોતીયાના દર્દીનું ઓપરેશન કરવામાં આવશે. આ કેમ્પ વિનામૂલ્યે થયેલ દર્દીઓને આંખનું ચેકીંગ કરી સંપૂર્ણ માર્ગદર્શન અપાયેલ. આ કેમ્પ જ્ઞાતિપ્રમુખ દિલીપભાઈ પરીખના માર્ગદર્શન નીચે કરવામાં આવેલ તેમ યાદીમાં જણાવાયું છે.

## દેવા ઓ દેવા, ગણપતિ દેવા

# અમરેલીના ચિતલ રોડ ઉપર આવેલ સિદ્ધિ વિનાયક મંદિરે ગણેશોત્સવનું આયોજન


**મોટી સંખ્યામાં ભકતો દર્શનનો લાભ લે છે**

અમરેલી, તા. ૧૩

અમરેલી ચિતલ રોડ ગાયત્રી મંદિર નજીક આવેલ સિદ્ધિવિનાયક સોસાયટીમાં બિરાજમાન ભગવાન ગણેશજીના સુપ્રસિધ્ધ 'સિદ્ધિવિનાયક' મંદિરખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધૂમ પુર્વક ગણેશોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભગવાન ગણેશજીના દરરોજ અલગ અલગ શણગારના દર્શનનું આયોજન કરવામાં આવેલ છે.

આ ગણેશોત્સવ કાર્યક્રમમાં દરરોજ સવારે ૫-૩૦ કલાકે ભગવાન ગણેશજીના શ્રુંગારના દર્શન કરવામાં આવે છે. ત્યાર બાદ દરરોજ સવારે ૭ કલાકે આરતી કરવામાં આવે છે. જેમાં બહોળી સંખ્યામાં અમરેલી શહેરમાં થી મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહી દર્શનનો લાભ લઈ રહયા છે.

આ ગણેશોત્સવ કાર્યક્રમમાં તા. ૧૪ શનિવારના રોજ સાંજે ૪ થી ૬ સુધી ભગવાન સત્યનારાયણની કથાનું તથા



આગામી રવિવારના રોજ સમૂહયજ્ઞનું પણ આયોજન કરવામાં આવેલ છે.

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૫૪૪

બાબરામાં મકાન વેચવાનું છે
બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે
૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ
રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં - બાબરા
સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦















# શિક્ષક દિવસ એક જ દિવસ શા માટે ?

## પગદંડી/લેખન



– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )

આ પ્રશ્ન જેમ લખનારને ઉદભવે છે એમ વિચારકોને પણ ઉદભવે છે. સતાવે છે. જો કે ૩૬૫દિવસને કોઈ ને કોઈ નામ આપી આપણે, રાજય, દેશ, આંતરરાષ્ટ્રીય રીતે ઉજવવામાં આવે છે. માત્ર એક દિવસ જેને વ્યકિતને વસ્તુને યાદ કરી કાર્યક્રમો દ્વારા ફોટા પડાવી આનંદ માણીએ છીએ. આપણું કર્તવ્ય પૂર્ણ થયાનો સંતોષ માનીએ છીએ.

શું એક દિવસ ફાધર્સ ડે, મધર્સ ડેપ, ફ્રેન્ડલ ડે, રોઝ ડે, પર્યાવરણ ડે, સિંહ દિવસ વગેરે વગેરે ઉજવવાથી જાગ્રૃતિ આવી જવાની ? આપણી ખોટી માન્યતા છે. આત્મવંચના છે. આ તમામ ઉત્સવો તો આપણાં ઋષિમુનીઓએ, શાસ્ત્રોમાં લખીને આ જીવન ઉજવવાનું સૂચન કરેલ છે. પણ આપણે રહ્યા ડાહ્યા, તાર્કિક માણસો, ગમે ત્યાંથી છીંડું ગોતી કાઢ ીએ. એના કરતાંય આપણી અનુકૂળ તા કેવી ને કેટલી છે એ પ્રથમ જોવામાં આવે છે. પણ DAY - ડે ઉજવવામાં આવે છે.

આ જગતને, કોઈપણ દેશ હોય પણ એને એટલે કે જન્મનાર બાળકને અક્ષરજ્ઞાન શિક્ષણ કેવા આપે છે. એને શાળામાં શા માટે મૂકવામાં આવે છે. ! માત્ર ડિગ્રી માટે ? ના બાળકને શિક્ષણ, સંસ્કાર, ભણતર, ગણતર શીખવવા માટે અને એ બાળક ભણીગણી મોટો માણસ બને છે. એની બીજી બાજુ જોઈએ તો બાળ ક નિશાળે ગયું નથી. અક્ષરજ્ઞાન મેળ વ્યું નથી. અને દશાને દિશાને આપણે જોઈ છે. એટલે તો સાધન સંપન્ન લોકો વિદ્યાજ્ઞાન માટે વિદ્યાદાન આવે છે. નિશાળો, છાત્રાલયો, પુસ્તકો, નોટબુકો, ફી વગેરે બાળ કોને આવે છે, એટલા માટે કે તેવ બાળકો ભણો નહિં કે પોતાની કીર્તિ ફેલાવવા.

તો ફરી મુદા પર આવીએ. જેમ કુંભકાર ચાકડેથી ઉતારેલ ઘડાને ટપલાથી ગીવે છે. શા માટે ઘડામાં રહી ગયેલ ફોદા – ફડિયા, અધાર સરખા કરવા માટે. સુંદર આકાર દેવા માટે તો શિક્ષક પણ એક કુંભકારની જેમ જ બાળ કને પાંચ, દસ, પંદર વર્ષ સુધી પોતાનાં જ્ઞાનટપલા વડે ટીપી ટીપી ઘડે છે. જે તમે સારો માણસ બનાવવા પોતાની તમામ તાકાત લગાવી દે છે. માટે જ શિક્ષકનો દરરજો ઊંચો છે. આજના શિક્ષકની વાત, કથની, કર્મ જાણીએ છીએ. પણ ખારા સમદરિયામાં મીઠી વીરડા હોય છે. એમ મોટાભાગનાં શિક્ષકો પોતાનું કર્તવ્ય નિષ્ઠાપુર્વક બજાવે છે. મેં ખુદ જોયેલુંને જોવાયેલું છે. એની વાત કયારેક કરીશું.

આવા આજીવન શિક્ષકને માત્ર એક જ દિવસ યાદ કરવાનાં ! શું બાળકના કે વિદ્યાર્થીના માનસમાંથી પોતાનાં પ્રાયમરી, હાઈસ્કુલના શિક્ષકની છબી તુરત ભૂંસાઈ જવાની ? ના. કહી નહિ.

ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણ તો મહાન વિદ્વાન, સાચા શિક્ષક ને વિચારક પુરૂષ હતા. દેશનાં પ્રથમ નાગરિક હતાં. પોતાનું નહિં, પણ સમગ્ર શિક્ષક આલમ સમાજનું સન્માન જળવાઈ રહે એ માટે ૫ – સપ્ટેમ્બરને શિક્ષક દિવસ તરીકે ઉજવવા માટે જણાવેલ છે. પણ આપણે તો એને એક રૂઢિ સરકારી કાર્યક્રમ બનાવી દીધો.

આ લખનાર લખે છે તેના બે દિવસ પહેલાં દ્રોણેશ્વર મંદિરે ગયેલ, મિત્રો સાથે. ત્યાં બાજુમાં સુંદર નમૂનેદાર ગુરૂકુળ છે. ત્યાં અમારો બાળ સાહિત્યનો કાર્યક્રમ હોય મારી સાથે વાસુદેવભાઈ સોઢ ા, ઉદયભાઈ દેસાઈ ડો. સુતરિયા સાહેબ હતાં. સંતો અને પરિચય થતો હતો. તો એક યુવાન સંત, સાધુએ પુછયું. "તમે કાચા સાહેબ રૂપાયતન વાળા" મે સંપતિ આપી. તો ફરી તેમણે કહ્યું હું ૧૯૯૪માં દીપકમાં ધોરણ આઠમાં ભણતો હતો. હવે તમે વિચાર કરો કે એ આવા સાંભળી મને કેવો ભાવ થયો હશે ? શેર લોહી ચડી જાયને ? આવા અનેક વિદ્યાર્થીઓ અવારનવાર અચાનક મળી જાય છે. ત્યારે અનેરા આનંદ અને ભાવ સાથે મનોમન ઈશ્વરને ધન્યવાદ આપું છું. કે મને એ લાયક બનાવ્યો.હવે એ વાત લખવા જઈ રહ્યો છું તે કદાચ તમે યુટયૂબ પર વાંચી હશે. જોઈ હશે. પણ મને એ વાત વિગત હદયમાં ઉતરી ગઈ એટલે ગણવાનો ગુલામ કરવાની તક જતી નહિ કું.જાપાનમાં કોઈ એક દિવસ શિક્ષક દિવસ મનાવવામાં આવતો નથી. ત્યાં વર્ષમાં ૩૬૫ દિવસ શિક્ષક દિવસ મનાવવામાં આવે છે. આપણને થાય કે જો શાળા, કોલેજોમાં ૩૬૫ દિવસ શિક્ષક ઉજવતા હશે તો ભણાવતા કયારે હશે ?



# બાલ એક્સપ્રેસ

સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

## લેખકશ્રીના પરિચય

અમરેલી કે.કે.પારેખ કોમર્સ કોલેજમાં વર્ષો સુધી આચાર્યપદે રહી હજારો વિદ્યાર્થીઓનું જીવનઘડતર કરનાર પ્રો.એમ.ડી.સીતાપરા શાખપુરના વતની છે. અમદાવાદમાં ભણી તેઓએ એમ.બી.એ.ની ડિગ્રી મેળવી છે. ઈ.૧૯૬૬થી તેઓ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે અમરેલીની કોલેજમાં જોડાયા હતાં. ૧૯૭૪થી તેઓ કે.કે.પારેખ કોમર્સ કોલેજના આચાર્ય તરીકે સેવા આપતા હતા. હાલ તેઓ નિવત છે. કિશોરભાઈ મોહનલાલ મહેતા : અમરેલીની કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં વર્ષો સુધી શિક્ષક તરીકે સેવા આપી ચૂકેલા કિશોરભાઈ એટલે આજીવન શિક્ષક. સાહિત્યપ્રેમી એવા કિશોરભાઈ ખૂબ જ સારા વકતા અને સંચાલક પણ છે. અમરેલીની રૂપાયતન સંસ્થાની સ્થાપના અને વિકાસ માટે તેમણે અથાગ પ્રયત્નો કર્યા છે. તેમના માર્ગદર્શન નીચે આ સંસ્થા આજે વિશાળ વટવૃક્ષ બની ચૂકી છે. અમરેલીની કપોળ બોર્ડિંગ અને બાજ ખેડાવાળા બ્રાહ્મપ બોર્ડિંગમાં ગૃહપતિ તરીકે તેમણે વર્ષો સુધી પોતાની સેવાઓ આપી છે.એમ.જી.જોષી : અમરેલીની કે.કે.પારેખ – આર.પી.મહેતા વિદ્યાલયમાં વર્ષો સુધી આચાર્ય તરીકે ફરજ બજાવી ચૂકેલા એમ.જી.જોષી એટલે મનસુખભાઈ ગાંડાલાલ જોષી. ૧૯૪૩માં જન્મ. ૧૯૮૧–૯૬માં બી.એસ.સી થઈ શિક્ષક તરીકે કારકિર્દી શરૂ કરી. ૧૯૮૮માં આચાર્ય બન્યા. ૧૯૮૧–૯૬ તેઓ અમરેલી નગરપાલિકાના સભ્ય હતાં. અમરેલી જીલ્લા માધ્યમિક શિક્ષણ સંઘ, સમસ્ત બ્રહ્મસમાજમાં વર્ષો સુધી તેમણે પોતાની સેવા આપી છે.

દિલીપભાઈ સંઘાણી : અમરેલી પાસેથી માળ ીલા ગામે તા. ૧૨મી મે ૧૯૫૪ના રોજ જન્મેલા


### ભાતીગળ સૌરાષ્ટ્ર

દિલીપભાઈ નાનુભાઈ સંઘાણીએ વિદ્યાર્થીકાળ થી અમરેલીમાં યુવા પ્રવૃતિઓમાં સક્રિય રહી યુવાનોનું નેતૃત્વ સંભાળ્યું હતું. આગળ જતાં તેમણે અમરેલી જીલ્લા પંચાયતના સભ્ય, અમરેલી નગરપાલિકાના પ્રમુખ, અમરેલીના ધારાસભ્ય અને અમરેલીનાં સંસદસભ્ય તરીકે રહી અમરેલી જીલ્લાનું પ્રતિનિધિત્વ કર્યુ છે. હાલ તેઓ ગુજરાત સરકારમાં કૃષિ મંત્રી તરીકે પોતાની સેવા આપી રહ્યા છે.

પુરૂષોતમ રૂપાલા : પુરૂષોતમ ખોડાભાઈ રૂપાલાનો જન્મ તા. ૩/૧૦/૧૯૫૩ના રોજ અમરેલી પાસેના ઈશ્વરિયા ગામે થયો હતો. તેમણે માધ્યમિક અને કોલેજનું શિક્ષણ અમરેલીમાં લીધું છે. કોલેજકાળથી વિદ્યાર્થી આગેવાન રહેલા રૂપાલાએ બી.એસસી., બી.એડ. સુધીનો અભ્યાસ કર્યો છે. તેઓ અમરેલી મ્યુનિસીપલ ગર્લ્સ હાઈસ્કૂલના આચાર્ય તથા અમરેલી નગરપાલિકાના ચીફ ઓફિસર રહી ચુકયા છ. ૧૯૯૧માં તેઓ ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતાં. રાજયની પ્રથમ ભાજપની સરકારમાં તેઓ ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતાં. ગુજરાત રાજયની પ્રથમ ભાજપની સરકારમાં તેઓ નર્મદા, જળસંપતિ ખાતાના મંત્રી રહી ચૂકયા છે. હાલમાં તેઓ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પક્ષના પ્રમુખ તરીકે પોતાની સેવા આપે છે. રામાયણના તેઓ ઊંડા અભ્યાસુ છે. તેમણે એક ધાર્મિક પુસ્તક પણ લખ્યુંછે. જીવરાજભાઈ વાગડિયા :અમરેલી પાસેના સાજીયાવદર ગામના વતની જીવરાજભાઈ મોહનભાઈ વાગડિયાનું ઘડતર બાબાપુરના સર્વોદય સરસ્વતી આશ્રમમાં થયેલું છે. તેઓ ૧૯૬૪માં બાબાપુરના સરપંચ, ૧૯૬૬માં અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ, ૧૯૭૨માં બાબરા–કુંકાવાવના ધારાસભ્ય, ૧૯૬૫ તથા ૧૯૯૦માં અમરેલી જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે સેવા આપી છે. પીઢ કોંગ્રેસી, મિલનસાર સ્વભાવ તેમની સફળતાનું રહસ્ય છે. જયંતીભાઈ રાવલ : અમરેલીના નામાંકિત વકીલ. તેઓ ૧૯૬૦ સુધી યુગાન્ડાની રાજધાની કમ્પાલામાં નોકરી કરતા હતાં. તેઓએ બ્રિટનમાં લંડનની ઓલ્ડ બેઈલી કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકેનો અનુભવ મેળવ્યો છે. તેઓ સારા સંગીતકાર પણ છે. દિલાવરબાપુ :મુસ્લિમ ઘાંચી સમાજના ધર્મગુરૂ સૈયદ દિલાવર હુસૈન જૈતુલ મિયાં ચિશ્તી સમગ્ર અમરેલી શહેરમાં દિલાવર બાપુના નામથી જાણીતા છે. તેઓના સમાજના સર્વાંગી વિકાસ માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. તેમના પ્રયાસોથી અમરેલીમાં રૂપિયા એક કરોડના ખર્ચે નમૂનેદાર મસ્જિદ બંધાઈ છે. મુસ્લિમ ઉપરાંત હિન્દુ સમાજમાં પણ તેઓ સારી ચાહના ધરાવે છે.

## મોહનદાસ કરમચંદ ગાંધી

**જન્મ : ૨ ઓકટોબર, ૧૮૬૯**
**મહપ્રયાણ : ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮**






મોહનદાસ કરમચંદ ગાંધી એટલે કે આજે આખું વિ જેને મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે તે બાપુ. બાપુ એટલે સ્વાતંત્ર્ય સંગ્રામના અહિંસક લડવૈયા. મૂળ ગુજરાતના પોરબંદરમાં બીજી ઓકટોબર, ૧૮૬૯ના રોજ તેમનો જન્મ. પ્રાથમિક શિક્ષણ અહીં પૂર્ણ કરી તેઓ વિદેશ ગયેલા. ૧૮૯૦માં લંડનની મેટ્રિક પરીક્ષા પાસ કરી. ૧૮૯૧ની ૧૦ જૂને બરિસ્ટર બન્યા. ૭ જુલાઈ, ૧૮૯૧માં મુંબઈ પહોંચ્યા. બાદમાં ૧૮૯૩માં એક કેસ માટે એપ્રિલ મહિનામાં સાઉથ આફ્રિકા ગયા. ત્યાં આઠ વર્ષ સત્યાગ્રહની લડત ચલાવી. એ પછી ભારત પરત આવ્યા. ગુજરાત ગાંધીજીની માત્ર જન્મભૂમિ જ નહીં, કર્મભૂમિ પણ હતી. દક્ષિણ આફ્રિકામાં ફિનિકસ આશ્રમની જેમ ગાંધીજીએ ભારતમાં પણ આશ્રમની સ્થાપના કરીને પોતાની પ્રવૃત્તિઓ આદરી હતી. ગાંધીજીએ સૌપ્રથમ સાબરમતીના તીરે અમદાવાદમાં કોચરબ ખાતે સત્યાગ્રહ આશ્રમ સ્થાપ્યો અને ત્યાં સ્થિર થઈને આઝાદી આંદોલનની વિચારણા કરવા ઉપરાંત સ્વાતંત્ર્ય સૈનિકોનું ઘડતર કર્યુ હતું. ગાંધીજીએ ભારતમાં પહેલો સત્યાગ્રહ બિહારના ચંપારણમાં ગળીના કામદારો માટે કર્યો હતો. અંગ્રેજોએ અન્યાયી પદ્ધતિથી લાદેલા રોલેટ એકટનો વિરોધ કર્યો. ૧૯૧૬ના ચંપારણ સત્યાગ્રહ પછી બીજો સત્યાગ્રહ ગુજરાતમાં જ ૧૯૧૮માં ખેડામાં કરાયો હતો. બાદમાં ૧૯૨૦માં અસહકાર આંદોલન શરૂ કરી અંગ્રેજ સરકારને થથરાવી મૂકી.ગાંધીજીએ૧૯૩૦માં દાંડીકૂચ આદરી હતી, જેનાથી દેશના લોકોમાં આઝાદી આંદોલનમાં જોડાવાનો જુસ્સો બેવડાઈ ગયો હતો.

દાંડીયાત્રાના પ્રસ્થાન વખતે તેમણે સોગંદ ખાધેલા કે કાગડા–કૂતરાંના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહીં મૂકું ! ૧૯૪૨માં 'અંગ્રેજો પાછા જાઓ.' ચળવળથી અંગ્રેજી સરકારની ભારતમાંની સત્તાનાં વળ તાં પાણી કરવામાં મોટો ભાગ ભજવ્યો હતો. ઉપરાંત બાપુએ અંગ્રેજીમાં અપાતા અને પાશ્ચાત્ય મૂલ્યોના શિક્ષણના વિરોધમાં ભારતીય મૂલ્યોની પુનઃસ્થાપના માટે રાષ્ટ્રીય શિક્ષણની અહાલેક જગાડી હતી. ગાંધીજીએ દેશના ઔદ્યોગિક કામદારોના મુદે અમદાવાદમાં આંદોલન કર્યુ હતું.

ગાંધીજીએ લોકમત કેળ વીને પોતાની લડતને મજબૂત બનાવવા માટે અખબારો ચલાવ્યાં હતાં. ટૂંકમાં લોકોને માત્ર અંગ્રેજોની ગુલામીમાંથી જ સ્વતંત્રતા મળે તે માટે નહીં પરંતુ તમામ રીતે દેશ અને દેશવાસીઓ સ્વતંત્ર થાય તે માટે મહાત્મા ગાંધીએ આજીવન કાર્ય કર્યુ હતું. પણ દુર્ભાગ્ય કે આઝાદી બાદ દિલ્હીમાં ૩૦મી જાન્યુઆરી – ૧૯૪૮ના રોજ નથુરામ ગોડસેએ ગોળી મારીને બાપુની હત્યા કરી દેવાઈ અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું મહાપ્રણાય થયું.

**હું કાગડા–કૂતરાંના મોતે મરીશ, પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પગ નહી મૂકું !**

## શાળા ગ્રંથાલયોનું સાહિત્ય




આપણા મોટાભાગના શાળ ા ગ્રંથાલયોની સ્થિતિ વખાણવા જેવી નથી. સરકારે કે સ્વાયત્ત સંસ્થાઓએ આ ઝુંબેશ ઉપાડવા જેવી છે. દરેક વિષયમાં વર્ગીકૃત સામાયિકો અને પુસ્તકો ગ્રંથાલયમાં હોય સપ્તાહમાં એક દિવસ ધોરણ પ્રમાણે એ પુસ્તક ઈસ્યુ કરવાનું વ્યવસ્થા તંત્ર ગોઠવાયેલું હોય તથા વખતો વખત એમાં નવા પાણી ઉમેરાતા જતા હોય તો જ વિદ્યાર્થી ફરીવાર ત્યાં આવે છે. ગ્રંથાલયોએ વાસ્તવમાં સંદર્ભ સામગ્રી સાથે શિક્ષણ સામગ્રી પણ સાચવવી જોઈએ. પરીક્ષાના પ્રશ્નપત્રો, બોર્ડના પ્રશ્નપત્રો વગેરેનો કમસેકમ પાછલા પાંચ વર્ષનો રેકોર્ડ શાળાના વિદ્યાર્થીન ત્યાંથી વાંચવા કે ઝેરોક્ષ કરવા માટે સરળતાથી ઉપલબ્ધ હોવો જોઈએ. શિક્ષક કરતા ગ્રંથપાલ સંદર્ભ વાંચનની બાબત વિદ્યાર્થીની પ્રતિભાને વિશેષ રીતે ખીલવી શકે છે. સપ્તાહમાં એક કે બે વખત ગ્રંથાલયના ઉપક્રમે જ ગ્રંથ પરિચય કે આસ્વાદ અને વિવેચનના કાર્યક્રમો ત્યાં યોજાતા રહેવા જોઈએ. ભાષા શિક્ષકોને આ પ્રકારની જવાબદારીઓ સોંપી શકાય. ગ્રાન્ટેડ અને સેલ્ફ ફાઈનાન્સ બન્ને શાળ ઓમાં ગ્રંથપાલની અને ગ્રંથાલયની ભૂમિકા વિશે પુન : વિચાર કરવાનો સમય આવી ગયો છે. શાળા સમય દરમિયાન ફ્રી ઈન્ટરનેટ એકસેસની પ્રિન્ટર સહિતની સુવિધા હોવી જોઈએ. એ ન હોય તે શાળ ાઓ બહુ ઝડપથી પછાત શાળાઓની વ્યાખ્યામાં આવી જશે.

## પૈસાનું મહત્વ



પાર્થ અને પરમ બંને જિગરજાન મિત્રો. બંનેને એકબીજા વિના ચાલે નહીં. પાર્થની આર્થિક સ્થિતિ સાવ સાધારણ. તેના પપ્પા લાંબા સમયથી બીમાર હોવાથી, તેનાં મમ્મી પારકાં કામ કરીને ગુજરાન ચલાવે.જયારે પરમ ગર્ભશ્રીમંત પિતાનો છેલબટાઉ છોકરો. પૈસા તેને ગળે વળગે જ નહીં. જયાં પાંચ રૂપિયાની જરૂર હોય ત્યાં પચાસ રૂપિયા વાપરતાં તે અચકાતો નહીં. નવી નવી બાઈક ઉપર ફરવું, સિનેમા જોવા જવું વગેરે તો તેને રોજનું થયું. દર વકેશનમાં તે પ્રવાસમાં જતો અને બેફામ ખર્ચા કરતો. તેના પિતા પ્રવીણભાઈ તેને ઘણી વખત સમજાવતા કે પૈસાને આમ પાણીની જેમ ન વેડફાય. વાપરતા તો રાજાનો ભંડાર પણ ખૂટી જાય, તો આપણી શી વિસાત છે ? પણ વાતને કાને ધરે એ બીજા ! આ વખતે પરમે વકેશનમાં કેરલ જવાનું નક્કી કર્યુ. પાર્થને કહે, 'વેકેશનને હજુ બે મહિનાની વાર છે. તારે મારી સાથે ફરવા કેરલ આવવાનું જ છે.'ભાઈ ! વકેશનમાં ફરવા જવાનું મારૂ કામ નહીં. આખું વકેશન હું કામ કરીશ. આ કામમાંથી જે પૈસા આવશે એ પૈસામાંથી હું કાલેજની ફી ભરીશ. મારા પપ્પા બીમાર હોવાથી ફીના પૈસા મારે જ ભેગા કરવા પડે છે. અને દર રવિવારે પણ હું કામે જઉં છું, જેથી ઘરખર્ચમાં મમ્મીને થોડીઘણી મદદ કરી શકાય. પાર્થની વાત તેનામાં સંવેદના જગાડી ગઈ.પરમ પપ્પાની ટકટકથી કંટાળ ી ગયો હતો. તેને વિચાર આવ્યો કે, ' આ વકેશનમાં હું પણ પાર્થ સાથે કામે જઈશ અને જે કાંઈ કામના પૈસા આવશે તે પાર્થને આપી દઈશ. પપ્પાને પણ ખબર પડે કે હું જાતે પૈસા કમાઈ શકુંછું.' વકેશનમાં પરમ પણ પાર્થ સાથે પ્રભુભાઈની કરિયાણાની દુકાનમાં કામ કરવા લાગ્યો. બંને દુકાનમાં વસ્તુ જોખતા અને ઓર્ડર મુજબ ઘરે ઘરે સામાન પહોંચાડી આવતા. આખો દિવસ આવો શ્રમ કરે ત્યારે રોજના ૧૦૦ રૂપિયા મળતા.એક દિવસ વાતવાતમાં પાર્થ કહે, 'મારા પપ્પા મોટા વેપારી હતા પણ ધંધામાં ખોટ આવતાં અમે સાવ નિરાધાર થઈ ગયા. બધું વેચાઈ ગયું. આ આઘાતથી મારા પપ્પા માંદા પડ્યા. આથી મારી મમ્મીને પારકાં કામ કરવાં પડે છે અને મારે પણ મદદરૂપ થવું પડે



છે.પાર્થની વાતથી પરમને ખૂબ દુઃખ થયું. પાર્થ પ્રત્યે હમદર્દી વધી ગઈ. તેણે મનોમન નક્કી કર્યુ કે, 'મારા પપ્પાને પાર્થની વીતક કથા કહીશ. આથી તે ચોક્કસ તેને મદદ કરશે.'વળી આ વાતથી પાર્થને પણ સબક મળ્યો. તે નિરંતર થોડો સમય વિચારતો જ રહ્યો. 'મારી પણ આવી દશા થાય તો હું તે માટે તૈયાર છું ? મેં ક્યારેય એવો વિચાર કર્યો જ નથી. હવે મને પૈસાની કિંમત સમજાય છે. પપ્પા સાચું જ કહેતા પૈસાને પાણીની જેમ ન વેડફાય. આજથી હું મહેનત કરીને પૈસા કમાઈશ. ખોટા ખર્ચા કરીશ નહીં. જે પૈસા છે તેનો સદુપયોગ કરીશ. પરમમાં આવેલું પરિવર્તન જોઈ પ્રવીણભાઈ ખૂબ જ રાજી થયા. 'તને પૈસાનું મહવ સમજાઈ ગયુંછે એ જ મારે મન મોટી વાત છે. હવે ખુશીથી તું પાર્થની ફી ભરી શકે છે. પપ્પાની આ વાતથી પ્રસન્ન થઈ તે પપ્પાને ભેટી પડયો.



**બાલમિત્રો,**

આપણામાં એક કહેવત છે ખાડો ખોદે તે પડે આનો અર્થ પ સાવ સાદો છે આપણે ખાડો ખોદીએ તો એમાં આપવો જ પડવાનો વારો આવે એનો મુઢાર્થ એ છે કે આપણે કોઈનુ બુરુ ઈચ્છીએ તો પહેલા આપણું બુરૂ થાય છે પછી બીજાનુ થાય. કોઈના માટે મનમાં ઘસાતુ વિચારીએ તો આપણું મકગજ દુઃખવા લાગે કામ થાય નહિ ને નુકસાન શરૂ થઈ જાય બીજાને દુઃખ દેવાનો વિચાર કરીએ તો આપણે જ દુઃખમાં ડુબી જઈએ માટે કયારેય કોઈનુ બુરૂ ઈચ્છવુ નહિ. કોઈનુ અહિત કરવુ પણ નહિ. સારૂ વિચારશું, ભાવ સારો હશે તો આપણું પણ કોઈ બુરૂ અહિત વિચારશે નહિ.

બાલમિત્રો, આ હપ્તાથી તમારા માટે 'કહેવત કથા' શરૂ કરીએ છીએ તમો વાંચશો તો સમજવાનુ મળશે અનસરશો તો જીવનમાં લાભ થશે દરેક કહેવતની સરસ મજાનછી વાર્ત પણ હશે. આ કહેવત કથા જાણીતા કવિ હસમુખ શાહ બેઝારો આપેલ છે તમને ગમશે.

## 'શ્વાનમંદિર'

### બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા (બાલ સાહિત્યના બ્રહ્મા)

એક છે મંદિર, એનું નામ ાનમંદિર. ાન એમાં દેવ કે. ાનની એમાં પૂજા થાય. ાનની સે આરતી કરે. ાનની – માનતા થાય. કોઈ કહેશે એવું તે હોય ? દેવ ઈન્દ્ર હોય, દેવ વઢણ, દેવ માતા હોય, દેવ મેલડી હોય, કયાંય ાનદેવ ભાળ્યા છે ? પણ કેમ કરીએ ? ાન દેવ સાચા દેવ. એની એક વાર્તા છે. વણજારાએ કહી છે. હું તમને કહું છું. એક હતો વણજારો. એને એક કૂતરો. જીવ જેવો આલો જયાં જાય ત્યાં સાથે જાય. ભાણામાં ભેળું ખાય, પથારીમાં સાથે સૂએ.કૂતરાના એવા ગુણ ! દિવસ આખો ઢોર હાંકે, રાત આખી ચોકી કરે. કૂતરો હોય ત્યાં ચકલુંય ન ફરકે. વરજારાની પોઠ ચાલી. દેશપરદેશ ફરી વળ્યો. રળ્યું–ખળ્યું ઘેર મોકલ્યું. વરસાદના દિવસો આવ્યા. વણજારો પાછો ફર્યો. એક કૂતરો અને એક વણજારો. ધનમાલ આગળ ગયાં હતાં. વણજારાની ખરચી ખૂટી, એ કહે : 'આ જગાસરમાં જાઉ ને કંઠી વેચું.' મારવાડી કહે : 'તમારી કંઠી મેં ન લેવાય. મારે તમારો જૂનો નાતો. જે જોઈએ તે એમને એમ લઈ જાઓ. આ બધું તમાઢં જ છે ને ?' વણજારો વટવાળો. એ કહેઃ ' કાંઈ નહિ. આ એક કૂતરો રાખો. બાનામાં એ ભલે રહ્યો. પૈસા લાવે એની સાથે એને પાછો મોકલજો.' વણજારે રજા લીધી. કૂતરો એની પાસે આવ્યો. પીઠ થાબડી વણજારો કહે : 'બેટા! સાચવીને રહેજે. જોજે પાછો આવતો. માઢં નાક ન કપાય. કૂતરે ગેલ કર્યો. વણજારાની આંખે આંખે આંસુ કૂતરાની આંખે પાણી, વહાલા કૂતરાથી છૂટા કેમ પડાય ? વહાલા શેઠથી છૂટા કેમ પડાય ? પણ કાંઈ ચાલે છે ? વણજારો ગયો. કૂતરો તો સેને વહાલો. મારવાડીનેય વહાલો. તે જ રાતે ચોર આવ્યા. દુકાન ભાંગી ને માલ ઉપાડયો પણ કૂતરો કાંઈ જવા દે ? ભસ ભસ ભસ ઘર જગાડયું, શેરી જગાડી, આખું ગામ જગાડયું. ચોર નાસીને કયાં જાય ? મારવાડી કહે : 'શાબાશ, તને ને તારા શેઠને ! તે માઢં બહુ બચાવ્યું. જા, તને છૂટો કઢં છું. શેઠનું દેવું માફ કઢં છું. આ ચિટ્ટી આપજે તારા શેઠને. કૂતરો ચાલી નીકળ્યો. ગળે ચિટ્ટી બાંધી છે. એમાં એમ લખ્યું છે : 'ધન્ય છે શેઠને ! ધન્ય છે કૂતરાને.' પોઠો પડી છે. ગાદી તકિયા નાખ્યા છે. વડો વણજારો બેઠો છે. કૂતરાને સંભારે છે. કાસદિયો મોકલે છે. કહે છે : મારવાડીને ધન આપજે કૂતરાને પાછો લાવજે.' ત્યાં તો કૂતરો દેખાયો. ગેલ કરતો કરતો આવે છે. પૂંછડી હલાવે છે. ાસ સમાતો નથી. હરખનો તો પાર નથી. વણજારે ચીસ પાડી : 'નિમકહરામ કૂતરા ! તેં માઢં નાક કપાવ્યું. તે તારી જાત લજવી. એક દિવસ પણ ન રહી શકયો ?' પાસે એક લાકડું હતું. વણજારાનો ક્રોધ માય નહિ. એક જય ને કૂતરો હેઠે! મોઢું ફાટયું રહ્યું પગ તરફડયા. જીભ બહાર આવી. કૂતરાની આંખે આંસુ ટપકયાં! શેઠ કહે : 'નિમકહરામ પ્રાણી ! નાલાયક દોસ્ત!' કુતરો ઢસરડાયો. શેઠને ખોળે પડયો. ગુસ્સો કરી શેઠ 'દૂર ખસ, બેવફા!' કુતરાનો છેલ્લો પ્રાણ, છેલ્લી દષ્ટિ; રામરામ! પણ આ શું? કૂતરાને ગળે આ શું? ચિટ્ટી છોડી લીધી. એ કેમ વંચાય ? આંખમાં શ્રાવણ અને ભાદરવો રેલ્યો. વણજારો કહે : 'હાય હાય, ભૂંડું થયું ! કૂતરા કૂતરા ! જવાબ દે. બોલ એક વાર એક જ વાર ! પછી વણજારે મંદિર બાંધ્યું. કૂતરા જેવો કૂતરો કરાવ્યો. શિલાલેખમાં વાત લખી છે : ' નિમકહલાલ કૂતરો, નિમકહરામ શેઠ.''

## બાલગીત – રાગ : છોડી લાગે છે ટનાટન,

નિશાળ લાગે છે ટનાટન,
થનક થનક નાચે મારૂં
મન...(૨)
નિશાળ મારી લાગે કેવી,
સૌના મન હરે એવી.
ભણવાની લાગી લગન,
થનક થનક નાચે મારૂં
મન...
વૃક્ષો લાગે કેવા સોહામણા,
થાગ વસંતના વધામણા,
નિશાળમાં નાના છોડ,
થનક થનક નાચે મારૂં
મન...
નિશાળ જુએ છે મારી
આંખડી, ઉરમાં જાગે છે
મીઠી લાગણી,
નિશાળે ચર્ચા પર્યા મારં
કોડ,
થનક થનક નાચે મારૂં
મન...નશાળ લાગે છે
ટનાટન,સ્વરચિત

:: સ્વરચિત ::

સંજયભાઈ ભીખાભાઈ વાળોદરા અંટાળિયા પ્રાથમિક શાળા, તા.લીલીયા, જી. અમરેલી.
મો. ૭૬૯૮૨ ૮૩૮૦૮


## મારો પ્રવાસ / મારો સાયકલ પ્રવાસ

મારૂં નામ રાઠોડ પાર્થ છે. હું ધોરણ ૮માં અભ્યાસ કરૂ છું. અમારી સ્કુલમાં RCC રૂપાયતન કેડેક કેમ્પસ નામનું NCC જેવું કરાવે છે. જેમાં અમને આ વખતે એટલે કે ૨૭–૯–૨૩ને રવીવાર અમારો સાયકલ પ્રવાસ રાખ્યો હતો. જેમાં અમે લોકોને જુના ગરીયા પાસે આવેલ ખોડીયાર મંદિરે જવાનું હતું.

અમે બધાને સરખે ૪ ટૂકડીઓમાં વહેચી દિધા હતાં. ૨ છોકરીઓની ટુકડીઓ અને બીજી ૨ છોકરાઓની ટૂકડી. અને અમે સવારે વેલા ૪.૦૦ વાગ્યે પેવેલીયન પહોચવાનું કહ્યું હતું. બધા વહેલા આવ્યા પછી બધા પોત પોતાની ટુકડીના મોનીટર સાથે સાયકલ ચલાવવાનું કહ્યું હતુ અમે બધા થોડીવારમાં મંદિરે પહોચ્યા ત્યાં જઈને પહેલા અમે બધાયે ખોડીયારમાંને પગે લાગી અને પછી રમવા ગયા.અમે ઘડીક રમ્યા અને પછી નાસ્તો કરીને ચાલતા થયા ત્યાંથી આવતી વખતે અમે શકતી ઈન્ડસ્ટ્રીઝ માંગયા ત્યાં અમે કેવી રીતે ત્યાં અમે મશીનો દ્વારા કપાસીયાનું તેલ કઈ રીતે બને અને સારો કપાસ રાખી તેના બીજ સાઈડમાં કરી દે તેવું અમે જોયું ત્યાંથી અમે પાછા પેવેલીયને આવ્યા અને બધા ત્યાંથી ઘરે વયા ગયા. તો આવો હતો અમારો સાયકલ પ્રવાસ.

# બંદા બહાદુર

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતન: બાબાપુર, હાલ: અમરેલી.**
**વ્યવસાય: નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**





**કબુકબુ, આજા, આજા!**
**હસમુખ બોરાણિયા**

નાનકડી રિષિકા અને ત્રિશા. બંને બહેનો દાદીમાં પાસેથી દરરોજ વાર્તા સાંભળે. એક દિવસ રિષિકાએ કહ્યું, ''હું વાર્તા કહું ?'' દાદીમાં નવાઈ પામતાં કહે, ''હા.'' રીષિકાએ કહેલી બાલવાર્તા માણીએ :

અમારૂં ઘર નાનું એવું છે. એવું ફળિયું પણ છે. રસ્તા કાઠે ડેલી છે.

હું ને નાની બહેન સાથે રમીએ. ફળિયામાં રમવાની મજા જ મજા !

કયારેક ડેલી ખોલીને બહાર જવાનું મન થાય. જેવી ડેલી ખોલું ત્યાં મમ્મી તાડૂકે, ''બહાર જતી નહીં હો... ફૂકુ બેઠું હશે. બટકું ભરી જશે.'' એટલે હું ડેલી બંધ કરીને અંદર આવતી રહું. જયારે જયારે ડેલી ખોલું ત્યારે મમ્મી બોલે. ''ફૂકુ બેઠું હશે. ફૂકુ બેઠું હશે.''

આમ ને આમ હું મોટી થઈ ગઈ. બહાર બધાં બાળકો રમત રમતાં હોય. શેરી ગજવતાં હોય. ત્યાં જવાનું મન થાય.

એક દિવસ રમવા જવા ડેલી ખોલી, ત્યાં સામે જ કૂતરું બેઠેલું જોયું. હું તો ઝડપથી અંદર આવી ગઈ હો ! બટકું ભરી જશે તો ? એવી બીક લાગી... એવ બીક લાગી કે વાત ન પૂછો.

મને જોઈએ મમ્મી બોલ્યાં, ''બહાર કૂતરુ બેઠું છે.'' મે બહાર તરફ હાથ લંબાવીને કહ્યું ત્યાં મમ્મી તાડૂકયાં, ''કૂતરુ શાંતિથી બેઠું છે. એમાં ડરી જવાનું હોય ? એમ થોડુ કરડી જવાનું છે ?'' મમ્મીએ ડેલી બહાર ડોકું કાઢીને કહ્યું.

દાદીમાં આ બધું જોતાં હતાં હોં ! એટલે મને કહે, ''ચાલ હું તારી સાથે આવું તારે રમત રમવા જવું છે ને ? તને ત્યાં મૂકી જાઉં બસ ?''

પછી દાદીમાં રસોડામાંથી રોટલી લઈ આવ્યાં. મને કહે, ''કૂતરાને રોટલી ખવડાવીશું ને ?''

દાદીમાન આંગળી પકડીને હું બહાર નીકળી. કૂતરુ તો શાંતિથી સૂતું હતું. અમે નીકળ્યા એટલે આંખ ખોલીને અમારી સામે જોયું. દાદીમાએ રોટલી બતાવી. કૂતરું અમારી પાસે આવ્યું. અમે બંનેએ રોટલી ખવડાવી ને ચાલતાં થાયાં. દાદીમા કહે, ''ડરવાનું નહીં હો !''


દાદીમા મને અમારી ટૂકડી રમતી હતી ત્યાં મૂકી જતાં રહ્યાં. હું ખૂબ રમત રમી ખૂબ મજા પડી ગઈ.

પછી તો હું એકલી એકલી ઘેર આવતી રહી. કૂતરૂં બેઠું હતું ને તેની પાસેથી જ નીકળી ગઈ. બોલો, આવું થયું.

મેં રીષિકાને ધીમેથી પૂછયું, ''તને કૂતરાની બીક ન લાગી ?''

તો રીષિકા બોલી, ''મને કોની બીક લાગે ? હું તો દાદીમાની બહાદુર બેટી બની ગઈ છું ને ? બંદા બહાદુર બની ગયા છે બહાદુર !''

# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
# જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. જીવ દીન થઈ ઈશ્વરના ચરણમાં રહે તો અપમાનની અસર તેના મન ઉપર થતી નથી.
૨. કાયા, વાણ, મનથી કોઈને દુભવવું નહી તે અહિંસા.
૩. કોઈ પણ સ્ત્રીએ પુરૂષના અને પુરૂષે સ્ત્રીના શરીરનું ચિંતન કર્યુ, એટલે બહ્મચર્યનો ભંગ થયો મનને સ્થિર કરવાનું સાધન છે બ્રહ્મચર્ય.
૪. કંઈક ત્યાગ કરવું એ ધર્મ છે.
૫. ઈશ્વરે જે આપ્યું છે તેમાં સંતોષ માને ત શ્રીમંત. પ્રભુએ જે આપ્યું છે તેને જે ઓછું માને તે દરિદ્ર છે.
૬. વ્યર્થ કાંઈ ન બોલવું એ મૌન છે. મનથી ન બોલેએ મૌન : મૌનથી મનને શાંતિ મળે છે. માનસિક પાપનો નાશ થાય છે.
૭. વર્ણાશ્રમની મર્યાદાઓ ક્રમે ક્રમે જીવન ઈશ્વર પાસે લઈ જવાનાં પગથિયાં છે.
૮. વધારે ખાય તે બ્રહ્મચર્યનું પાલન કરી શકતો નથી આહાર અતિ સાત્ત્વિક હોવો જોઈએ. સ્ત્રીનો સહવાસ ન રાખવો. જગતમાં જેટલા અનર્થો થયા છે તે કામમાંથી થયા છે. કામાંધને વિવેક રહેતો નથી.
૯. પવિત્ર ગ્રંથનું અધ્યયન કરો. વૈરાગ્ય દઢ થાય તો સન્યાસ લો.
૧૦. સાવધાન થઈ પતિપત્ની પવિત્ર જીવન ગાળે તો સંન્યાસી જેમ જ આનંદ મળે છે. સ્ત્રીનો સંગ એ સત્સંગ બને તો ગૃહસ્થાશ્રમ દિવ્ય બને છે.

# મેદાન છોડી ભાગશો નહીં...!

– લે.બેપ્ટીસ્ટ એન્ડ રિફલેકટર
– અનુ. ડો. હરીશ દ્વિવેદી




ઈચ્છા–વિપરીત ઘટનાઓ જીવનમાં જયારે બને પથ જીવન કેરો સીધું ચઢ ાણ થઈ પડે, લેણાં કરતાં દેણાં જયારે ભારે બોજ બને સ્મિત કરવાના પ્રયત્ને નિસાસા જયારે સરી પડે ચિંતાઓ મનને ચારેકોર જયારે ઘેરી વળે વિરમજે ઘડીક ત્યારે પણ મેદાન છોડી ભાગીશ મા. વાંકી–ચૂંકી ભૂલભૂલામણી ગલીઓથી સભર છે જિંદગી વહેલા–મોડા સહુને એ પાઠ શીખવે છે ગજબની જિંદગી સ્હેજ હાથ વેત–રહી ગઈ જીવનમાં સફળતા મારી
ઘા કર્યો હોત સ્હેજ જોરથી તો સફળતા મારી હતી કાચબામય મંદગતિ, જીવનની કદીક હોયે ભલે, પણ તું કદી થંભીશ નહી, ભાગીશ નહીં, ઘા કર બીજો વિજય તારો નિશ્ચિત છે. થાકેલ હારેલ આપણી આ આંખોને સુદૂર ભાસતી સફળતા ઘણીવાર હોય છે તરણા ઓથે ડુંગરની જેમ સાવ નજદીક અને આશ્ચર્ય છે– વિજય જયારે વરમાળા લઈ ઊભી રહી છે, ત્યારે યોદ્ધો રણમેદાન છોડી ચાલ્યો જતો હોય છે. હોય છે જીવનનો ક્રમ કંઈક આવો ગૂઢ અને ન સમજાય તેવો અને ત્યારે 'વિજયમુકુટ મુજથી ઝાઝો દૂર ન હતો' ની અનુભૂતિ પણ તેથી શું ? મોડું થઈ ગયું? સફળતા શું હાથથી સરી ગઈ? કદી નહીં, સફળતા તો છે નિષ્ફળતાની જ બીજી બાજુ શંકાનીકાળી વાદળીની છે એ રૂપેરી તેજ–રેખા કોણ છે તેની નજીકને કેટલું કે તે કઈ રીતે કહેવાય ? તે છલના મયી ભાસતી હોય જયારે દૂર ત્યારે હોય છે નજદીક તેથી છેતરાઈને મેદાન છોડી કદી ભાગીશ મા ઘોર નિરાશા વ્યાપી વળે ત્યારે કદી છટકીશ મા.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

(૧) અહિંસા, અસ્તેય, સત્યપ અપરિગ્રહ અને બ્રહ્મચર્ય આ પાંચ મહાવ્રતો કયા ધર્મમાં સ્થાન ધરાવે છે ? – જૈન ધર્મ
(૨) કયા ધર્મમાં ઉપવાસને સૌથી વધારે મહત્વ આપવામાં આવે છે. ? – જૈન ધર્મ
(૩) એલેકઝાન્ડર ધ ગ્રેટે આક્રમણ કર્યુ ત્યારે એનો સામનો કયા રાજાએ કર્યો હતો. – પોરસ
(૪) સમ્રાટ હર્ષવર્ધનની રાજધાનીનું શહેર કયું હતું ? – થાણેશ્વર
(૫) મહારાણા પ્રતાપનું પિતાનું નામ શું હતું ? – રાણા ઉદયસિંહ
(૬) કાંચીપુરમના વિખ્યાત મંદિરોની રચના કયા વંશના શાસનકાળમાં થઈ ? – પલ્લવ
(૭) ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહંમદ પયગંબરનો જન્મ કયા વર્ષો થયો હતો ? – ઈ.સ.૫૭૦
(૮) ભીષ્મ પિતામહનું સાચુ નામ શું હતું ? – દેવવ્રત
(૯) કૃષ્ણના સૌથી મોટા પુત્ર અને યાદવોને વિનાશના માર્ગે લઈ જનાર કોણ હતા ? – પદ્યુમન
(૧૦) કયા સમ્રાટને હિન્દીનો નેપોલિયન કહેવામાં આવતો ? – સમુદ્ર ગુપ્ત

# સૌનું આરોગ્ય




## (૨૪) ખીલ

**કારણ :** ખીલ એ યુવાન – યુવતીઓને થનારૂં મેદનું દર્દ છે. કબજીયાતના કારણે પણ ખીલ થાય છે.

૧. મસૂરની દાળ અને શીમળાની છાલનું સમાન વજને એકદમ બારીક ચૂર્ણ બનાવી, જરૂર પૂરતા પાણી સાથે ઘૂંટી ખીલ પર લગાવવાથી ખીલ મટી જાય છે.
૨. મસૂરની દાળની લોટ પચાસ ગ્રામ લઈ તેમાં પાંચ ગ્રામ દળેલી હળદર મેળવી આ પાવડરને લીંબુના રસ સાથે મેળવીને ખીલ પર લગાવવાથી ખીલ મટે છે.
૩. સરસવ, વજ, લોદર અને લીંડીપીપર વીસ–વીસ ગ્રામ સિંધવ દસ ગ્રામ લઈ બારીક ચૂર્ણ કરી લો. પછી આ દવાને ટંકણખારના પાણીમાં મેળવ રોજ ખીલ પર લગાો. આથી ખીલ મટી જશે અને ચહેરો ખીલી ઊઠશે.
૪. ત્રિફળાચૂર્ણ દસ ગ્રામ લઈ તેને એક કાચના ગ્લાસમાં નાખી તેમાં સો ગ્રામ પાણી નાખી બાર કલાક રાખી મૂકો. રાત્રે પલાળેલા દવા સવારે કપડાથી ગાળી તેમાં બે ચમચી ચોખ્ખું મધ મેળવી, નિયમિત પીવાથી ખીલ અચૂક મટે છે.

## ૨૬ ખીલી

કારણ : ખુજલી એ રોગ નથી પણ અનેક રોગમાં જણાતું એક લક્ષણ છે. જેથી ખુજલી થવાના અનેક કારણો છે. પરંતુ રકત દુષિત થવાથી મોટા ભાગે ખૂજલી આવે છે.

કારણ : પિત્ત અને વાયુ દુષિત થવાથી હાથની આંગળીઓ પર કઠણ ફોડકી થાય છે જે ખીલી તરીકે ઓળખાય છે. ફોડકી પર દુ:ખાવો અને બળ તરા થાય છે.

૧. હાથની આંગળીઓ પર કેટલીક વખત ખીલી (કઠણ ફોડકી) નીકળે છે. આ ખીલીના દર્દથી અસહ્ય બળ તરા અને દુ:ખાવો થતાં રાત્રે ઊંઘ પણ આવતી નથી.

આ ખીલીના દર્દ ઉપર દહીં અને ભાતની પોટિશ બાંધવાથી ખીલીનું દર્દ મટે છે.

# શિક્ષક દિવસ – જાપાન

મિત્રો, જાપાનમાં માત્ર શિક્ષકો, વિદ્યાર્થીઓ, નેતાઓ, આપણી જેમ શિક્ષક દિવસ નથી મનાવતાં પણ જાપનનાં લોકો, સમગ્ર સમાજ કેવી રીતે શિક્ષક દિવસ ઉજવે છે ? કેવી રીતે શિક્ષકોનું માનસન્માન જાળવે છે. ? આવો જાણીએ.
(૧) કોઈ બસમાં ટ્રેનમાં કોઈ વ્યકિત શિક્ષકને ઉભેલા જુએ તો એમને બેસવાની તીટ આપશે. પછી તે યુવાન હોય કે વૃધ્ધ.
(૨) શિક્ષકો માટે દુકાનોમાં ખાસ છુટછાટ હોય છે.
(૩) હોસ્પિટલોમાં પણ શિક્ષકોને ડિસમઉન્ટ દેવામાં આવે છે.
(૪) પરિવારમાં કોઈ શિક્ષક આવી ચડે તો બાળકથી મોટા મોટા સુધીના બધા જ તેમને માન – સન્માન આપે છે. બોલો, આવા સમાજ વચ્ચે શું એક દિવસ શિક્ષક દિવસ ઉજવવો ઠીક ગણાશે ?

જેમાં પોતાના અંતના માટે આજીવન એકપણ દિવસની રજા રાખ્યા વિના જતન કરતી હોય એનો માત્ર એક જ દિવસ મધર્સ ડે ઉજવવાનો.

જે પિતા પોતાના માટે જીવન પર્યત પોતાની જાત ઘસીને મોટા કરતા હોય તેને માટે માત્ર એક જ દિવસ ? જો ભારત દેશની આર્ય સંસ્કૃતિમાં ઋષિમુનિઓના આશ્રમે, ગુરૂકુળોમાં રાજા ચાલીને જતા, એમને રાજયાશ્રય આપતા, ગુરૂને બોલાવે તો જ રાજયમાં જતા બાળ રાજા સળથી આશ્રમે જતાં. તેનાં રાજકુમારો ગુરૂકુળોમાં ભણીને જ મોટા થતાં હતાં. આ આપણી સંસ્કૃતિને આદશૃ ધરોહર સમાશિક્ષકો છે. એમને માત્ર એક જ દિવસ યાદ કરવાનો ? એમનું ઋણ તો કયારેય મૂકવી શકશે જ નહિં.મારાં તમામ શિક્ષકોને નભાતકે, કરબદ્ધ શત શત પ્રણામ.

# ઝળહળ ઝાકળ

**લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા**

## જૂઠ બોલે કૌઆ કાટે !

નિર્દોષ મજાક માટે જૂઠું બોલવું, તે ઠીક છે. પણ અન્યને નુકશાન પહોંચાડવા માટે કે પોતાનો સ્વાર્થ સાધવા માટે ખોટું બોલનાર લોકો ખરેખર 'મહામાનવ' છે, 'દિવ્યાત્મા' છે, અતિસ્મૃતિવાન છે, તેજસ્વી યાદદાસ્તવાળા છે.કારણ – સત્ય બોલનારને, તે કોની પાસે શું બોલ્યો હતો, તે યાદ રાખવું પડતું નથી. જયારે જૂઠું બોલનારને કોની પાસે શું બોલ્યો હતો, તે ખાસ યાદ રાખવું પડે છે.કહે છે કે – ધૃતરાષ્ટ્રની આંખોનું ઓપરેશન સફળ થયું છે અને યુધિષ્ઠિરની આંખે મોતિયો આવ્યો છે ? – સાચું ?

# દ્રાક્ષ ખાટી છે

## કહેવતો કયાંથી આવી ?

અર્થ : જયારે કોઈ ચીજ કે વસ્તુ ન મળ ત્યારે એ જ ચીજને ખરાબ કહેવી. વાર્તા

એક વખત એક શિયાળ ભૂખને લીધે આમતેમ ભટકતું ભટકતું એક વાડી પાસેથી નીકળ્યું. વાડીમાં દ્રાક્ષનો એક વેલો હતો અને તેના પર દ્રાક્ષનાં ઝૂમખાં લટકતાં હતાં. રસથી ભરેલી દ્રાક્ષ જોઈ શિયાળના મોંમાં પાણી આવ્યું. દ્રાક્ષ ઊંચી ડાળીએ ઝૂલતી હતી.

શિયાળે ધીરે રહીને એક કૂદકો માર્યો. ડાળ સુધી પહોંચાયું નહીં. જરા આઘાપાછા થઈ બીજો કૂદકો માર્યો. હજુ ડાળ સુધી પહોંચાય એમ ન હતું. એણે વિચાર્યુ, 'કંઈ વાંધો નહીં. થોડી વારમાં પવનથી કે કોઈ પંખીના બેસવાથી આ ઝૂમખું તૂટી પડશે અને પાકી પાકી દ્રાક્ષ ખાવાની મજા પડશે. તેણે એકીટશે દ્રાક્ષ તરફ તાકી રહી દ્રાક્ષની લૂમ નીચે પડવાની ઘણી રાહ જોઈ પણ ઝૂમખું નીચે પડયું નહીં.

અંતે શિયાળે ફરી વખત છલાંગ લગાવી. બે–પાંચ વખત જોરથી કહ્યાં. બધા કૂદકા નિષ્ફળ ગયા. તે દ્રાક્ષના ઝૂમખા સુધી પહોંચી શકયું નહીં.


હવે શિયાળ થાકયું અને કંટાળ્યું. નિરાશ થઈને તેણે દ્રાક્ષની આશા છોડી દીધી. તે ભૂખ્યા પેટે જ આગળ ચાલવા લાગ્યું. વાડીના એક ઝાડ પર બેઠેલો

કાગડો આ તમાશો જોઈ રહ્યો હતો. તેણે શિયાળને પૂછયું, કેમ રે શિયાળભાઈ ! તમે દ્રાક્ષ કેમ ન ખાધી ?' શિયાળ લુચ્ચું પણ ચાલાક અને હાજર જવાબી હતું. એણે તરત જ કહ્યું, 'આ દ્રાક્ષ તો ખાટી છે. આવી ખાટી દ્રાક્ષ માટે કોણ ખોટા કૂદકા મારી તાકાત વેડફે ? કાગડાએ મજાકના સ્વરમાં કહ્યું, 'વાહ રે, શિયાળભાઈ ! દ્રાક્ષ સુધી પહોંચી શકાયું નહીં એટલે દ્રાક્ષ ખાટી છે એમ કહો છો. તમે દ્રાક્ષ ચાખી છે જ કયાં ?'

# Maths Magic (3)

**બાળ મિત્રો,**

આજે આપણે ૩ × ૩ ના જાદુઈ ચોરસમાં કોઈ નવ




ક્રમિક સંખ્યા કેવી રીતે મુકી શકાય તે જાણીએ. સૌ પ્રથમ આકૃતિમાં દર્શાવ્યા મુજબ ૩ × ૩ના ચોરસમાં વચ્ચેની હારમાં વધારાના ખાના દોરવાના છે.

હવે કલઈ નવ ક્રમિક સંખ્યાઓ એ.બી.સી.ડી. ઈ.એફ. જી. એચ.આઈ. ત્રાંસી હારમાં દર્શાવ્યા મુજબ મુકી દેવાની વચ્ચે

| | | | |
|---|---|---|---|
| ૧૬ | ૨ | ૩ | ૧૩ |
| ૫ | ૧૧ | ૧૦ | ૮ |
| ૯ | ૭ | ૬ | ૧૨ |
| ૪ | ૧૪ | ૧૫ | ૧ |


ખાલી ખાનામાં તેની સામેની સંખ્યા મૂકી દો એટલે જાદુઈ ચોરસ તૈયાર.

છો બાજુમાં એક જાદુઈ ચોરસમાં સંખ્યાઓ ૧૭,૧૮,૧૯, ૨૪ તથા ૨૭ એ રીતે મુકો કે જેથી આ ચોરસ


| | | | |
|---|---|---|---|
| ૧૫ | ૨૮ | ૨૫ | ૨૨ |
| ૨૬ | ૨૧ | ૧૬ | |
| ૨૦ | ૨૩ | ૩૦ | |
| ૨૯ | | | |

જાદુઈ બને. (ઉકેલ આવતાં શનિવાર)
આર.કે.માલનિયા
૯૭૨૭૭ ૯૬૮૩૪

# પ્રયોગ – ૧૨
# પાણીની કઠિનતા




**હેતુ :** જુદાં જુદાં પાણીની કઠીનતા તપાસવી.**સાધન :** ડ્રોપર, બીકર, પાંચ કસનળી
**પદાર્થ :** નિસ્યંદિત પાણી, સાબુ (ડિટરજન્ટ વગર), બોરનું પાણી, દરિયાનું પાણી (ક્ષારયુકત), નદીનું પાણી તળાવનું પાણી.
રીત : બીકરમાં નિસ્યંદિત પાણી લઈ સાબુનું દ્રાવણ તૈયાર કરો.
જુદા – જુદા પાણીને અલગ – અલગ કસનળીમાં અડધે સુધી ભરો.
પાણીનાં નમૂનાનાં નામની કાપલી કસનળી પર લગાડો. દા.ત. દરિયાનું પાણી
એક કસનળીમાં નિસ્યંદિત પાણી ભરો.
સાબુનાં દ્રાવણનાં પાંચ ટીપા, ડ્રોપર વડે દરેક કસનળીમાં નાખો.
બધી કસનળીને વારાફરતી હલાવો.



**પ્રયોગની પાંખે**
**વિજ્ઞાન નગરી**
**પ્રકાશક: શ્રી બળવત પારેખ**

**અવલોકન કોષ્ટક :**

| ક્રમ | પાણીનાં નમૂનાનું નામ | ફીણનું પ્રમાણ (વધુ/ઓછું/પુસ્કળ/ખુબ વધારે/વધારે/ઓછું/તદ્દન ઓછું) |
|---|---|---|
| ૧ | નિસ્યંદિત પાણી | |
| ૨ | વરસાદનું પાણી | |
| ૩ | બોરનું પાણી | |
| ૪ | દરિયાનું પાણી | |
| ૫ | નદીનું પાણી | |

**તારણ:**
ક્ષારનું ઓછું પ્રમાણવાળા પાણીમાં સાબુનાં ફીણ વધુ થાય છે અને ક્ષારનું વધુ પ્રમાણવાળા પાણીમાં ફીણ ઓછા થાય છે.
**તારણ :** જે પાણીમાં ક્ષારનું પ્રમાણ ઓછું હોય તે નરમ પાણી કહેવાય.
જે પાણીમાં ક્ષારનું પ્રમાણ વધુ હોય તે કઠીન પાણી કહેવાય.


# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો




# આ મારું ચિત્ર છે




વસાવા ઉર્વીકુમાર જયેશભાઈ
(ધોરણ–૨, વર્ગ–અ, રૂપાયતન પ્રા.શાળા)



દેવમુરારી પુર્વ સુમનભાઈ
( ધોરણ – ૪ , પાઠક સ્કુલ અમરેલી )



દાફડા જાન્વી જે.
ધો.૭(એ) રૂપાયતન અમરેલી



મનિષ વિપુલભાઈ વાઘેલા
(ધો.૮–વર્ગ શ્રી પાણીયા પ્રા.શાળા)

# અમરેલીનાં સાર્વજનિક ગણેશોત્સવમાં વેપારી અગ્રણીઓ દ્વારા આરતી કરાઈ






અમરેલી શહેરમાં ૨૦૬ વર્ષ જૂના નાગનાથ મહાદેવ મંદિરે નાગનાથ યુવક મંડળ તેમજ મહિલા મંડળ મહોત્સવ સમિતિ દ્વારા ૧૨૫માં ગણેશ મહોત્સવમાં ભકતજનો દ્વારા સુંદર આયોજન કરી ૨૫ ગણપતિ દાદાને ત્યાં પધરાવેલ છે. રોજ આરતી તેમજ મહાપ્રસાદનો દાદાના ભકતો લાભ લઈ રહ્યા છે. આ નિમિત્તે અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બરના સભ્યો દ્વારા દાદાની આરતી ઉતારીને નાગનાથ મહાદેવ તેમજ ગણપતિ દાદાના આશીર્વાદ મેળવ્યા તેમજ કરિયાણા એસોસિએશન, ઈંદીરા શોપિંગ સેન્ટર એસોસિએશન તથા મોટા બસ સ્ટેન્ડ ચોક વેપારી એસોસિયેશનના સભ્યોએ આરતીનો લાભ લીધો. જેમાં પ્રમુખ ચતુરભાઈ અકબરી, હરેશભાઈ સાદરાણી, દિનેશભાઈ ભુવા, સંજયભાઈ રામાણી, રમેશભાઈ વૃંદાવન ડેરી ફાર્મ, રાજુભાઈ તથા કાંતિભાઈ વઘાસિયા, યોગેશભાઈ કોટેચા, વિક્રમભાઈ રબારી, ગીરીશભાઈ ભટ્ટ, મુકુંદભાઈ ગઢીયા, યોગેશભાઈ ગણાત્રા, હકુભાઈ ચૌહાણ, અનિલભાઈ કાણકીયા વગેરે સભ્યોએ આરતીનો લાભ લીધેલો હતો તેમજ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બરના સભ્યો અને કરિયાણા એસોસિયેશનના સભ્યો દ્વારા અટલ પાર્કમાં લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજીત ગણપતિ મહોત્સવમાં પણ આરતીનો લાભ લીધો તેમજ જલારામ મંદિરે ગણેશ મહોત્સવમાં મહાઆરતીનો લાભ મળ્યો હતો. તથા ભુરખીયા હનુમાન મંદિરે જીતુભાઈ ગોળવાળા દ્વારા બ્રહ્મચોરાસીમાં મહાપ્રસાદનો લાભ ડિસ્ટ્રિકટ ચેમ્બર ઓફ કોમર્સના દરેક હોદ્દેદારોએ લાભ લઈ ધન્યતા અનુભવી.

### જિલ્લામાં તા. ૧૭મી સપ્ટેમ્બરથી ઝુંબેશનો પ્રારંભ

## અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા. ૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતા હી સેવા મુહીમ

**જાહેર, ધાર્મિક અને પ્રવાસન સ્થળો સરકારી કચેરીઓ, મુખ્ય બજારો સહિતના સ્થળોએ સઘન સફાઇ**

અમરેલી, તા.૧૩

તા.૨ ઓકટોબર–મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિએ તેમને શ્રદ્ધાંજલિ આપવા તેમના સ્વચ્છતા માટેના અનુગ્રહને ધ્યાને રાખી ભારત અને રાજય સરકાર દ્વારા સ્વચ્છતા હી સેવા અભિયાન હાથ ધરવામાં આવે છે.

સ્વચ્છતા માટે નાગરિકોમાં એક આદત કેળવાય અને કચરા નિકાલ માટે યોગ્ય વ્યવસ્થાપન થાય તે માટે ખાસ ઝુંબેશ શરૂ થશે. અમરેલી જિલ્લા સહિત સમગ્ર રાજયમાં તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪થી સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ અભિયાનનો પ્રારંભ થવાનો હોય નાગરિકોને આ અભિયાનમાં સહભાગી થવા અપીલ છે.

આ અભિયાન અંતર્ગત જિલ્લામાં જાહેર, ધાર્મિક અને પ્રવાસન સ્થળો, સરકારી કચેરીઓ, મુખ્ય બજારો સહિતના સ્થળોએ સમગ્રતયા સઘન સફાઈ થશે. સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ના મુખ્ય મુદા તરીકે ભાગીદારી થકી સ્વચ્છતા અંતર્ગત જાહેર જનતાની ભાગીદારી સ્વચ્છતા અંગે જાગૃતિ વધારવા માટે વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ થશે.

આ અભિયાનમાં વ્યાપકપણે જનભાગીદારી જોડવા સ્વચ્છતા શપથ, શેરી નાટકો, વોલ પેઈન્ટીંગ, વેસ્ટ ટુ આર્ટ ઉપરાંત સ્વચ્છતાની થીમ આધારીત સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થશે.

સરકારી કચેરીઓમાં પણ સઘન સફાઈ થાય, સ્વચ્છતા માટે આદત કેળવી શકાય, કચેરીમાં ફરજ બજાવતા હોય તેમને અને નાગરિકો મુલાકાતીઓ મુલાકાત કરતા હોય તેમને પ્રોત્સાહિત કરવા જિલ્લા રાજયસ્તરીય સ્વચ્છ કચેરી સ્પર્ધાઓ યોજાશે અને સ્વચ્છતાના સામૂહિક શપથ લેવામાં આવશે.

સ્વચ્છતા મિત્ર એવા સફાઈ કર્મયોગીઓ સફાઈ વાહકોની સુરક્ષા માટે શિબિર, હેલ્થ ચેકઅપ કેમ્પ્સ અને સામાજિક સુરક્ષાની વિવિધ યોજનાઓના લાભ તેમને આપવા સહિતની બાબતોને આ અભિયાન હેઠળ આવરી લેવામાં આવી છે.

### જીલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## રાજય સરકારની વિવિધ પ્રકારની ૫૫ સેવાઓ એક જ સ્થળેથી પ્રાપ્ત થશે

**નાગરિકોને સેવાઓનો લાભ લેવા અનુરોધ**

અમરેલી તા.૧૩

રાજયમાં આગામી તા.૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૪થી સેવાસેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કાનો પ્રારંભ થશે, જે તા.૩૧ ઓક્ટોબર, ૨૦૨૪ સુધી કાર્યરત રહેશે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં તાલુકા દીઠ ૦૩ કાર્યક્રમ અને શહેરી વિસ્તારમાં પણ મહાનગરપાલિકા દીઠ ૦૨ તથા નગરપાલિકા દીઠ ૦૨ કાર્યક્રમોનું આયોજન થશે. સેવા સેતુના ૧૦માં તબક્કામાં વિશેષ એ છે કે, રાજય સરકારની વિવિધ ૫૫ સેવાઓનો ગ્રામ્ય અને શહેરી વિસ્તારના કાર્યક્રમોમાં સમાવેશ થયો છે, જે સેવાઓનો લાભ લાભાર્થીઓને સ્થળ પર મળશે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે અમરેલી જિલ્લા સેવાસદન ખાતે જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને એક બેઠક સંપન્ન થઈ હતી.

સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારી બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયાની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં જિલ્લા કલેકટરએ કહ્યુ કે, સેવા સેતુ કાર્યક્રમના ૧૦માં તબક્કા અંતર્ગત અમરેલી જિલ્લાના તમામ તાલુકાઓમાં ૦૩ કાર્યક્રમ જયારે અમરેલી અને સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ૦૨ કાર્યક્રમ અને અન્ય નગરપાલિકા વિસ્તારમાં ૦૧–૦૧ કાર્યક્રમ યોજાશે.

આ પ્રસંગે જિલ્લા કલેકટરએ ઉપસ્થિત મહાનુભાવોને આ કાર્યક્રમમાં સહભાગી થવા અને ગ્રામ્ય, તાલુકા અને નગરપાલિકા વિસ્તારમાં યોજાતા કાર્યક્રમોમાં વધુમાં વધુ નાગરિકોને રાજય સરકારની સેવાઓનો લાભ લેવા માટે અપીલ છે.

બેઠકમાં સાંસદ અને જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયા, સાવરકુંડલા, લીલીયાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, ધારી, બગસરાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા, નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલ, અમરેલી પ્રાંત અધિકારી નાકિયા, નાયબ પોલીસ અધિક્ષક સહિતના અધિકારીઓ અને કર્મયોગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બગસરામાં કાલે અસ્થિપૂજનનો કાર્યક્રમ યોજાશે

## મૃતકોના અસ્થિઓનું હરિદ્વાર ગંગા નદીમાં વિસર્જન કરાશે

બગસરા, તા. ૧૩

બગસરામાં છેલ્લાં ૧૬ વર્ષથી સેવાભાવિ દિપકભાઈ પંડયા, મયુર પંડયા અને ગીરધરભાઈ સોલંકી દ્વારા મૃતકોના અસ્થિઓ એકત્ર કરી આ અસ્થિઓનું શાસક્રોત વિધીથી ગંગા નદીમાં વિસર્જન કરવામાં આવે છે. શહેરના આવેલા તમામ સ્મશાનોમાં અસ્થિ બેંકમાંથી તમામ અસ્થિ ઓને એકત્ર કરી હરીદ્વાર જતા પહેલા આ અસ્થિઓનું મૃતકોના પરીવારોના હસ્તે તેમનું પૂજન કરવામાં આવે છે. જેથી આગામી તા.૧૫ને રવિવારના રોજ સવારના ૧૦ કલાકે હિન્દુ સ્મશાન, અમરેલી બાયપાસ રોડ ખાતે અસ્થિઓનું પૂજન કરવામાં આવશે તો જે મૃતકોના અસ્થિઓનું પૂજન થનાર છે તેના પરિવારજનોને હાજર રહેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૫૧ | ૧૧૧૫ |
| ૨ | શિંગ મોટી | ૭૦૫ | ૧૧૨૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૫૦ | ૨૮૬૧ |
| ૫ | તલ કાળા | ૨૯૬૦ | ૩૬૭૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૩૫ | ૩૩૩૦ |
| ૭ | બાજરો | ૪૩૦ | ૫૧૨ |
| ૮ | જુવાર | ૫૦૯ | ૭૬૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૬૫૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૦ | ૬૦૨ |
| ૧૧ | મગ | ૧૦૨૫ | ૧૭૬૬ |
| ૧૨ | ચણા | ૧૧૬૬ | ૧૫૪૪ |
| ૧૩ | કપાસ | ૯૯૮ | ૧૬૭૬ |
| ૧૪ | જીરૂ | ૪૩૩૦ | ૪૫૮૫ |
| ૧૫ | ધાણા | ૧૦૩૫ | ૧૨૫૫ |
| ૧૬ | સોયાબીન | ૭૮૧ | ૮૫૪ |
| ૧૭ | રજકાનું બી | ૨૯૨૫ | ૫૨૨૫ |
| ૧૮ | વરીયાળી | ૧૨૩૦ | ૧૨૩૦ |

### ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૨૫૦ | ૧૩૦૧ |
| ૨ | જુવાર સફેદ | ૭૫૨ | ૭૫૨ |
| ૩ | બાજરો | ૩૦૦ | ૩૦૦ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૧૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૨૧ |
| ૩ | શીંગ નવી | ૮૨૧ | – |
| ૪ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૮૦૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૪૬૯૨ |
| ૬ | કપાસ | ૧૪૫૧ | ૧૬૮૪ |
| ૭ | કપાસ નવો | ૧૩૦૦ | ૧૬૧૨ |
| ૮ | ઘઉં લોકવન | ૫૫૫ | ૬૧૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૬૧ | ૬૨૬ |
| ૧૦ | બાજરો | ૪૪૨ | ૫૪૧ |
| ૧૧ | જુવાર | ૫૨૦ | ૭૧૧ |
| ૧૨ | મકાઈ | ૬૦૦ | – |
| ૧૩ | મગ | ૧૫૪૧ | – |
| ૧૪ | ચણા | ૧૨૦૦ | ૧૫૨૬ |
| ૧૫ | તુવેર | ૬૩૦ | ૧૦૦૦ |

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૨૫ |
| ૨ | સોયાબીન | ૬૦૫ | ૮૪૩ |
| ૩ | ઘઉં લોકવન | ૫૦૨ | ૫૫૧ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૩૫ | ૫૪૮ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૭૨૫ |
| ૬ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૭ | મગફળી | ૭૫૫ | ૭૫૫ |
| ૮ | ચણા | ૧૦૩૫ | ૧૩૨૫ |
| ૯ | મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | ધાણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૧ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૦ |
| ૧૨ | અડદ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૧૩ | જીરૂ | ૪૫૦૫ | ૪૫૦૫ |
| ૧૪ | મકાઈ | ૫૯૫ | ૬૦૦ |
| ૧૫ | મેથી | ૧૦૫૦ | ૧૧૦૦ |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૬૫ | ૧૪૫૧ |
| ૨ | ઘઉં | ૫૫૦ | ૫૫૦ |
| ૩ | ચણા | ૧૧૫૬ | ૧૪૬૦ |
| ૪ | જીરૂ | ૪૦૦૧ | ૪૦૦૧ |
| ૫ | તુવેર | ૧૬૧૧ | ૧૯૫૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૨૦ | ૧૬૭૫ |
| ૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૫૦૦ |
| ૩ | ઘઉં | ૪૬૦ | ૫૭૧ |
| ૪ | મગ | ૧૦૦૦ | ૧૮૦૦ |
| ૫ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૫૫ |
| ૬ | અડદ | ૯૮૦ | ૧૪૫૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૨૫ | ૨૭૮૦ |
| ૨ | તલ કાળા | ૩૧૦૧ | ૩૫૩૫ |
| ૩ | કપાસ | ૧૧૫૦ | ૧૫૫૧ |
| ૪ | બાજરો | ૫૦૦ | ૫૪૩ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૬૬૫ |
| ૬ | જુવાર | ૪૭૧ | ૮૩૪ |
| ૭ | ચણા | ૧૨૦૦ | ૧૩૫૦ |
| ૮ | સોયાબીન | ૮૦૦ | ૮૨૫ |

# ચલાલા ખાતે ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓનું સન્માન કરાયું






યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ મેકફેર ૨૦૨૪ લખનવમાં ઈન્ટરનેશનલ લેવલે દ્વિતિય સ્થાન મેળવી પરત ફરતા સંસ્થાના વડા પુ.ડો.રતિદાદા, ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફગણ તથા હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા સંસ્કૃત શકિત ગુરૂકુળ સહિતના તમામ ભાઈ – બહેનોએ રેલી દ્વારા ભવ્ય સન્માન કર્યુ હતું.

# અમરેલીમાં સારહિ યુથ કલબ આયોજીત ગણેશોત્સવમાં દર્શનનો લાભ લેતા



અમરેલીની પ્રસિધ્ધ સેવાભાવી સંસ્થા સારહી યુથ કલબના પ્રમુખ અને તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના માર્ગદર્શન તળે દુંદાળાદેવ ગણપતિદાદાની વંદનાના પર્વ ''ગણેશ મહોત્સવ– ૨૦૨૪''નું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. અમરેલી મધ્યમાં સીનીયર સીટઝન પાર્ક ખાતે સારહી યુથ કલબ ઓફ અમરેલી ધ્વારા ગણેશ ઉત્સવમાં તા. ૧૦/૯/૨૪ના રોજ સવારની આરતી નાની નુતન સ્કૂલના બાળકો દ્વારા ઉતારી હતી, દાદાનો બપોરનો થાળ અગ્રણી રાજપૂત સમાજના અગ્રણી પ્રતાપસિંહ રાઠોડ તરફથી ધરવામાં આવેલ આ ગણેશ ઉત્સવમાં બહોળી સંખ્યામાં નગરજનો દર્શનનો લાભ લઈ રહ્યાનું સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ.

### સ્થાનિક મુસ્લિમ સમાજ દ્વારા આયોજન

## ગાધકડા ગામે લીલાપીરબાપા અને ખોડિયારમાનાં સાંનિધ્યમાં કથા યોજાયો

### મોટી સંખ્યામાં ભકતો દર્શનનો લાભ લીધો

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામના આંગણે કોમી એકતાના પ્રતિક એવા શ્રી લીલાપીર બાપા અને માં ખોડીયાર માતાજીના સાનિધ્યમાં સત્યનારાયણ કથાનુ આયોજન ગાધકડા મુસ્લિમ સમાજ દ્વારા કરવામાં આવેલ, જેમાં ગાધકડા ગામ ના તમામ સમાજના લોકો અને માતાઓ–બહેનોએ બહોળી સંખ્યામાં હર્ષોલ્લાસ સાથે હાજરી આપી હતી.



### જનતા જનાર્દનને સહકાર આપવા કર્યો અનુરોધ

## સાવરકુંડલાના વીજપડી ખાતે સબમાર્કેટયાર્ડ શરૂ કરવા માટે પૂર્વ સરપંચે જનજાગૃતિ શરૂ કરી

### વર્ષોથી માંગ હોવા છતાં ન્યાય મળતો નથી

સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાનાં વીજપડી ગામે સબમાર્કેટયાર્ડ શરૂ થાય તે માટે પૂર્વ સરપંચે ગ્રામજનો તથા ગ્રામ્ય વિસ્તારના નાગરિકોને ખુલ્લો પત્ર લખીને જણાવેલ છે કે વીજપડી ગામે સબયાર્ડ શરૂ કરવા વર્ષોથી પ્રયત્નશીલ છું છતાં સામૂહિક શકિતનું પરિણામ ઝડપી અને ચમત્કારિક હોય છે. આમ જનતા પત્રથી, ફોનથી રૂબરૂ કે અન્ય માધ્યમો દ્વારા રજુઆત કરે તો ઝડપી પરિણામ આવી શકે.

જાહેરહિતોને ખુલ્લો પત્ર એવાં શિર્ષક હેઠળ લખાયેલાં પત્રભમાં પૂર્વ સરપંચ યાકુબ રસભર્યાએ જણાવેલ છે કે વીજપડી ગામે જીનીંગ પ્રેસથી ઓળખાતી મહુવા રોડ ઉપર આવેલી અંદાજીત ચાર વીઘા જમીન ૨૦૧૦માં ખાલસા થતાં સરકાર નોંધ પડેલ છે. કરજદારે લેખીતમાં સહિ કરીને કબ્જો પણ સોંપી આપેલ છે. આ સરકારી જગ્યા ઉપર સબમાર્કેટયાર્ડ બને તે માણે ઘણા લાંબા સમયથી પ્રયત્નશીલ છું. પ્રથમ મહિલા સરપંચ આસુબને ખોખર ૫૩૮ મતોથી વિજયી થયાં તે ચુંટણીપૂર્વે સાવરકુંડલા માર્કેટયાર્ડનાં સતાધિશોએ અખબારોમાં જાહેરનિવેદન આપેલ કે વીજપડીમાં સબમાર્કેટયાર્ડ બનીને જ રહેશે. પરંતુ ઘણા વર્ષોથી થયાં છતાં અકળ કારણો રહેશે. સર આ વિકાસની કામગીરી અટકી પડેલ છે.

વધુમાં જણાવેલ છે કે સર્વોને પોસ્ટકાર્ડમાં આપનું એડ્રેસ મોબાઈલ નંબર લખીને વીજપડી ગામે વહેલાસર સબમાર્કેટયાર્ડ શરૂ થાય તેવાં મતલબનો પત્ર માર્કેટયાર્ડનાં સતાધિશોને લખાવ્યો રૂબરૂ કે ફોનથી પણ જાગ્રૃત નાગરિકો રજુઆત કરે તે આવકાર્ય છે. સામુહિક શકિતનું પરિણામ ઝડપી અને ચમત્કારિક હોય છે. પંચાયતથી પાર્લાપેન્ટ સુધી એક જ પક્ષીની સરકાર છે, આવા સંજોગોમાં આ વિકાસ કાર્ય સરળતાથી થઈ શકે તેમ છે. છતાં વિલંબ કેમ થાય છે? આપણાં સૌની વિચાશરધારા અલગ અલગ હોય શકે, પરંતુ જાહેરહિતની બાબત હોય ત્યારે 'મેરા ગાંવ મેરા દેશ'ની જાતિ અખત્યાર કરવામાં આવે તો કઠિન કહ્યું જ નથી. તેમ જણાવીને સર્વોના સહકારની આજ્ઞા વ્યકત કરેલ છે.

## અમરેલી : એ.આર.ટી.ઓ કચેરી ખાતે અન અધિકૃત્ત વ્યકિતઓના પ્રવેશ પર પ્રતિબંધ

અમરેલી, તા. ૧૩

અમરેલી સ્થિત સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી ખાતે વ્યાજબી કામ સિવાય આવેલા તમામ અન અધિકૃત્ત ઈસમો કે ઈસમોની ટોળી, જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગેદોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલા ઈસમોના પ્રવેશ પર પ્રતિબંધ ફરવામતું જાહેરનામું અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યું છે. આ હુકમ ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ–૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે તથા તે સજાપાત્ર ઠરશે. આ હુકમ અન્વયે ફરજ પરનાર સહાયક મોટર વાહન નિરીક્ષક (વર્ગ–૩) કે તેનાથી ઉપરનો હોદો ધરાવતા એ.આર.ટી.ઓ કચેરીના કર્મચારી તથા જિલ્લાના કોઈ પણ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના અમરેલી જિલ્લાના પોલીસ અધિકારીઓને આ હુકમનો ભંગ કરનાર ઈસમ સામે ફરિયાદ માંડવા માટે અધિકૃત્ત કરવામાં આવે છે. આ હુકમ તા. ૧૧.૧૧.૨૦૨૪ સુધી અમલી રહેશે.

### બાબરાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટની

## ચારેતરફ ૧૦૦ મીટર વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના વાંકીયા ગામ સ્થિત ફાયરિંગ બટ ખાતે તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી વાર્ષિક ફાયરિંગ પ્રેકિટસ થનાર હોય આ સ્થિતિમાં ફાયરિંગ પ્રેકિટસના સમયગાળા દરમિયાન તકેદારીના ભાગરૂપે ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૩(૧) હેઠળ અમરેલી જિલ્લા અધિક મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી ફાયરિંગ બટ માટે મુકરર થયેલી બાબરા તાલુકાના વાંકીયા ગામના સરકારી પડતર રે.સ.નં ૬૦૧, હે. ૩–૮૮–૬૩ ચો.મી વાળી જગ્યા ફાયરિંગ બટ માટેની મુકરર જગ્યાને તાર ફેન્સીંગ કરી તેની બાહ્ય સીમા નક્કી છે તે મુજબ તે જગ્યાની ચારે તરફની બાહ્ય સીમાથી ૧૦૦ મીટરના અંતર સુધી રાહદારીઓની અવરજવર પર પ્રવેશબંધી છે. હુકમ ભંગ કરનાર વિઢ્ઢ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ની કલમ–૧૩૧ મુજબ શિક્ષાત્મક કાર્યવાહી થશે.

### જેલમાંથી બહાર આવતા જ કેજરીવાલનું મોટું નિવેદન

## મારો જુસ્સો ૧૦૦ ગણો વધી ગયો છે : કેજરીવાલ

### કાવતરાં પર સત્યનો વિજય થયો છે : જેલથી જાડી જાડી દિવાલો પણ કેજરીવાલના જુસ્સાને ખતમ ન કરી શકી

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આખરે જેલથી મુકત થઈ ગયા છે. સુપ્રીમ કોર્ટે સીબીઆઈના કેસમાં પણ તેમને જામીન આપી દીધા હતા. જેલથી જ છૂટતાં જ કેજરીવાલે આપ કાર્યકરો અને સમર્થકોની ભીડને સંબોધી હતી.

તેમણે જેલથી જ છૂટતાં જ પહેલું નિવેદન આપતાં કહ્યું કે આ લોકોને લાગ્યું કે કેજરીવાલને જેલમાં નાખી દઈશું તો એનો જુસ્સો ખતમ થઈ જશે પણ હું કહી દેવા માગુ છું કે મારો જુસ્સો ૧૦૦ ગણો વધી ગયો છે. કેજરીવાલે કહ્યું કે આ કાવતરાં પર સત્યનો વિજય થયો છે.

કેજરીવાલે કહ્યું કે જેલથી જાડી જાડી દિવાલો પણ કેજરીવાલના જુસ્સાને ખતમ ન કરી શકી. હું ભગવાનને પ્રાથર્ના કરું છું કે જેમ તેણે આજ સુધી મને રસ્તો બતાવ્યો એ જ રીતે મને આગળ પણ મદદ કરે અને હું દેશની સેવા કરું અને જે તાકાતો દેશને ભાગલા પાડવાના પ્રયાસો કરી રહ્યા છે અને દેશને નુકસાન પહોંચાડી રહ્યા છે હું તેમની સામે લડતો રહું.

આ પહેલા અરવિંદ કેજરીવાલનું સ્વાગત કરવા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને સાંસદ સંજય સિંહ સહિત આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ જેલની બહાર પહોંચ્યા હતા, જ્યારે તેમનું ઢોલનગારાના તાલે સ્વાગત કરવામાં આવ્યું હતું. આ દરમિયાન આપના કાર્યકરોએ 'કેજરીવાલ આ ગયે'ના નારા લગાવ્યા હતા. આ અંગે આપના નેતા સૌરભ ભારદ્વાજ અને આતિશીએ એક પ્રેસ કોન્ફરન્સ કરીને માહિતી આપી છે અને કહ્યું કે, એકવાર ફરી તાનાશાહીની હાર થઈ છે અને સત્યની જીત થઈ છે. જસ્ટિસ સૂર્યકાન્ત અને જસ્ટિસ ઉજ્જલ ભુઈયાની ખંડપીઠે આ નિર્ણય સંભળાવ્યો છે. ઉલ્લેખનીય છે કે કે, દિલ્હી લિકર પોલિસી કૌભાંડ કેસમાં ધરપકડ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની જામીન પર સુપ્રીમ કોર્ટે પહેલાથી જ પોતાનો નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. ત્યારબાદ, ચર્ચા દરમિયાન સીબીઆઈ અને કેજરીવાલે પોતાની દલીલો રજૂ કરી હતી.

### આગામી ૨૩ નવેમ્બર થી ૧ લી ડીસેમ્બર સુધી

## રાજકોટ : સદ્‌ભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પૂ. મોરારિબાપુનાં વ્યાસાસાને રામકથા યોજાશે

### વૈશ્વિક રામકથા કાર્યાલયનો પ્રારંભ કરવામાં આવ્યો

રાજકોટ, તા. ૧૩

રાજકોટમાં ૧૨ વર્ષ પછી વૃદ્ધો અને વડીલોનાં શુભાર્થે પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. વૈશ્વિક રામકથા ૨૩ નવેમ્બરથી શઢ થઈને ૧ ડિસેમ્બર સુધી ચાલશે. દરરોજ ૧ લાખ લોકો વૈશ્વિક રામકથા શ્રવણ કરશે અને પ્રસાદ લેશે. હિંદુ ધર્માચાર્ય મહાસભાના કન્વીનર અને સેક્રેટરી તેમજ સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શન અને સંરક્ષકપ. પૂ (ડો.) પરમાત્માનંદ સરસ્વતીજીનાં વરદ હસ્તે સદભાવના વૃદ્ધાશ્રમનાં વૈશ્વિક રામકથા કાર્યાલયનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. રોજબરોજની કામગીરી, વિવિધ કમિટીઓની રચના, કાર્યોની વહેંચણી, વિવિધ તંત્રો સાથે સંકલન, પ્રચાર પ્રસાર, ઉતારાની વ્યવસ્થા, અન્નપૂર્ણા વિભાગ, વિશેષ અતિથીઓની વ્યવસ્થા ઈત્યાદી કાર્યોની સરળતા માટે કાર્યાલયની શરૂઆત થઈ છે.



સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શક, સંરક્ષક આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ મહાસભાના કન્વિનર, સેક્રેટરી, ધર્માચાર્ય પરમાત્માનંદ સરસ્વતીજીએ કહ્યું કે, રાજકોટની વૈશ્વિક રામકથા ભકિ, પ્રસાદ અને સેવાનો ત્રિવેણીસંગમ રચાશે. સર્વધર્મ સમભાવ માટે આ શ્રેષ્ઠ મોકો છે. ૧૨ વર્ષ બાદ રાજકોટમાં યોજાઈ રહેલી પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથામાં સૌ કોઈને જોડાવવા, પુણ્યના યજ્ઞમાં આહુતિ આપવા આહ્વાન છે. વૃદ્ધાશ્રમ એ આવકાર્ય વ્યવસ્થા નથી, પરંતુ રાજકોટ 'રામકોટ' છે ત્યારે નિઃસંતાન, પથારીવશ, બીમારીથી પીડાતા વડીલો આંગણે આવે તો ના તો ન જ પડાય. રાજકોટ તો 'સેવાનગરી' છે. કદાચ સદભાવના વૃદ્ધાશ્રમનાં વિશાળ વૃક્ષારોપણનાં પગલે ઠેરઠેર સારો વરસાદ વરસ્યો હોય તેવું પણ બને. વૃક્ષોએ તો પાણીનો વિકટ પ્રશ્ન સોલ્વ પણ કર્યો છે. સંસ્થાનો આખા ભારતમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ સરાહનીય છે. વૃક્ષો અને વડીલોની સેવાર્થે થઈ રહેલ મહાન કાર્ય સમી 'વૈશ્વિક રામકથા'માં સૌ કોઈ તન, મન અને ધનથી સેવા આપતાં કટિબદ્ધ બને તે જરૂરી છે. કસરત, યોગ, પ્રાણાયમ પછી એક નવો યોગ છે જે સેવાયોગ છે. અત્યારે માણસમાં સંપત્તિ આવી ગઈ છે પણ સમૃદ્ધિ આવી નથી, કોઈ માણસ બીજાના દુઃખમાં દુખી ન થાય એ તો સમજયા પણ બીજાના સુખમાં સુખી થનારાઓની પણ સંખ્યા ઘટતી જાય છે. એવા સમયે આપણે એવું આશ્રમ બનાવીએ કે ભારતનાં સંતાનોને પોતાના માતા પિતાની સેવા કરવાની તો પ્રેરણા મળે જ પણ અન્યના માતા પિતાની પણ એ સેવા કરી શકે એવા એના સંસ્કાર બને. આ કથા આંતરરાષ્ટ્રીય લેવલની કથા બનાવીએ. વૈશ્વિક રામકથા કાર્યાલયનાં ઉઘાટનમાં ધર્માચાર્યપ. પૂ(ડા.) પરમાત્માનંદ સરસ્વતીજી સાથે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો, સંસ્થાઓનાં અગ્રણીઓ, દાતાઓ, કાર્યકર્તાઓ સહિતના નામી અનામી ૫૦૦ જેટલા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ એટલે રામકોટ, સંતોની ભૂમિ અને સેવાની ભૂમિના આંગણે વિશિષ્ટ વૈશ્વિક રામકથા રૂપે ખુશાલીનો અવસર આવ્યો છે, કાળજું ધોવાનો અવસર આવ્યો છે. સમગ્ર વૈશ્વિક રામકથાનાં આયોજનમાં સદભાવના વૃદ્ધાશ્રમ તો નિમિત્ત છે આ કથાનું આયોજન તો સમગ્ર રાજકોટનું છે.

અત્રે ઉલેખ્ખનીય છે કે આ વૈશ્વિક રામકથા વૃક્ષો અને વડીલો માટે થઈ રહી છે. રાજકોટમાં છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃદ્ધાશ્રમ કાર્યરત છે જેમાં ૬૦૦ જેટલા બીમાર પથારીવશ–નિરાધાર વડીલોને (૨૦૦ વડીલો ડાયપર પર) નિઃશુલ્ક, આજીવન સ્નેહાશ્રય અપાઈ રહ્યો છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વધતી જતી જરૂરિયાતને પ્રયાનમાં લઈને ૩૦૦ કરોડના માતબર ખર્ચે ૫૦૦૦ જેટલા વડીલોનો સમાવેશ થઈ શકે તેવું ૧૪૦૦ રૂમ યુક સદભાવના વૃદ્ધાશ્રમનું પરિસર રાજકોટના જામનગર રોડ રામપર ખાતે ૩૦ એકર જગ્યામાં નિર્માણાધીન છે. સદભાવના વૃદ્ધાશ્રમનો સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાનો સંકલ્પ છે. જેના લાભાર્થે, વૃક્ષો અને વડીલોના શુભાર્થે પ્રખર રામાયણી, પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથાનું આયોજન રાજકોટમાં થઈ રહ્યું છે.

સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે તા. ૨૩ નવેમ્બર–૨૦૨૪ થી તા. ૦૧ ડીસેમ્બર–૨૦૨૪ સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ, રાજકોટ ખાતે વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથાની વિશેષ વિગતો માટે મો. ૯૬૬૪૮૫૧૭૩૮ પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે. વૈશ્વિક રામકથા કાર્યાલય : ધ ટવિન ટાવર, અમીન માર્ગ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ પાસે, રાજકોટ.

# અમરેલી : ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ



પીએમ 'મદદ' શ્રી ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં ક્લસ્ટર કક્ષાનો ગણિત વિજ્ઞાન પ્રદર્શન યોજાઈ ગયું. જેમાં પ્રતાપપરા ક્લસ્ટરની તમામ શાળાઓના બાળ વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. દીપ પ્રાગટ્ય કર્યા બાદ પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. જેમાં અલગ અલગ પાંચ વિભાગ માં બાળ વૈજ્ઞાનિકો દ્વારા વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તે હેતુસર કુલ ૧૭ કૃતિઓ રજુ કરવામાં આવી હતી. જેમાં નિર્ણાયકો દ્વારા શ્રેષ્ટ કૃતિ રજુ કરનાર બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. છેલ્લે ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રતાપપરા સી.આર.સી. નિકુલભાઈ મેહતા દ્વારા કરવામાં આવ્યું હતું.




## એક રૂમમાં અલગ-અલગ વર્ગના વિદ્યાર્થીઓ અભ્યાસ મેળવવા મજબૂર

# આવી રીતે કેમ ભણશે ? ખાંભાનાં ત્રાકુડામાં પ્રાથમિકશાળા બિસ્માર બની

**શાળાની છતમાંથી વરસાદી પાણી ટપકતાં બાળકોને અભ્યાસ મેળવવામાં મુશ્કેલી**

**૩ વર્ષ પહેલા શાળાનું મકાન નવું બનાવવાનું મંજૂર થયું છતાં કોઈ કામગીરી નહી**

**ધો. ૧ થી ૮માં વર્તમાનમાં ૧૧૨ બાળકો જીવનાં જોખમે અભ્યાસ કરી રહ્યા છે**

**વિકાસની વાતો કરવાને બદલે ખરાઅર્થમાં વિકાસ કરીને વાહ વાહી તંત્રએ મેળવવી જોઈએ**



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા

ખાંભા, તા. ૧૩

ખાંભા તાલુકા ના ત્રાકુડા પ્રથામિકશાળાનાધોરણ ૧ થી ૮ના ૧૧૨ વિદ્યાર્થીઓનો શાળા શરૂ થતાં જ અભ્યાસ બગડી રહ્યો છે અને વિદ્યાર્થીઓને શાળાની ઓફિસ અને એકજ ઓરડામાં બેસીને ભણવું પડે છે. ત્યારે અમરેલી જિલ્લાના ખાંભા ગીરના ત્રાકુડા ગામના વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે ત્યારે ત્રાકુડા ગામની પ્રાથમિકશાળા બનાવવામાં આવશે.

ખાંભા તેમજ તાલુકાભરમાં અવરિતપણે વરસાદ વરસી રહ્યો છે જેના કારણે વોકળા, નરસી, ઝરણામાં પાણી વહેતા થયા છે. ત્યારે ખાંભાના ત્રાકુડા ગામમાં આવેલ સરકારી પ્રાથિમક શાળાનું સતત પડી રહેલા વરસાદના કારણે શાળાના બિલ્ડીંગની છતમાંથી વરસાદી પાણી ટપકી રહ્યું છે અને છતમાં ગાબડા પડી ગયા છે. શાળાના ઓરડા જર્જરીત બની ગયા છે જેના કારણે કલાસરૂમમાં પાણી ટપકવાના કારણે વિદ્યાર્થીઓને શાળાની ઓફિસ અને એક જ ઓરડામાં બેસીને ભણવું પડે છે અને વિદ્યાર્થીઓ પારાવાર પરેશાની વચ્ચે પણ ભણવાની મજબૂરી હોવાનું જણાવી રહ્યા છે. સરકાર દ્વારા બાળકના ભણતર પાછળ કરોડો રૂપિયા વાપરવામાં આવી રહ્યા છે ત્યારે ખાંભા તાલુકાના ત્રાકુડા પ્રાથિમક શાળાની છતમાંથી પાણી ટપકે છે જેના કારણે વિદ્યાર્થીઓનો અભ્યાસ બગડી રહ્યો છે. ત્યારે આ શાળાના શિક્ષક અને ગામના સરપંચ દ્વારા રજૂઆતો લેખિત મૌખિક કર્યા બાદ શાળા મંજૂર થઈ છે તેમ છતાં છેલ્લા ત્રણ વર્ષથી બનાવવામાં આવતી ન હોવાનું જણાવ્યું હતું.

ખાંભા તાલુકાના ત્રાકુડા ગામની પ્રાથિમક શાળામાં ધોરણ ૧ થી ૮ હાલમાં ૧૧૨ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ત્યારે શાળા જર્જરીત બની ગઈ છે, વિદ્યાર્થીઓને જીવના જોખમ પર અભ્યાસ કરવો પડે છે, શાળાના આચાર્ય દ્વારા વૈકલ્પિક વ્યવસ્થા કરી બાળકોનું શિક્ષણ જળવાઈ રહે માટે થઈ બે અલગ અલગ સવાર-બપોરની પાળીઓ ગોઠવી અને અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો છે. ત્યારે વિદ્યાર્થીઓને આ તકલીફમાંથી ક્યારે છુટકારો મળશે તેવા સવાલો ઉઠી રહ્યા છે.

## બેન્કનાં બાકીદારોમાં ફફડાટ ફેલાયો

# અમરેલી નાગરિક બેન્કનાં બાકીદાર કિરિટભાઈ રાઠોડને ૬ માસની સજા

**પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાની સૂચનાથી કેસ દાખલ થયેલ**

અમરેલી, તા. ૧૩

અમરેલી બેંકમાંથી ચેક રીર્ટન થવાના કિસ્સાઓમાં આકરી સજા મળે અને ચેક રીર્ટનના બનાવો અટકે તેવી પ્રતિબધ્ધતા સાથે નાગરિકો સહકારી બેંક આગળ વધી રહી છે. કિરીટભાઈ હસમુખભાઈ રાઠોડ રે. ગાયત્રી સોસાયટી, બટારવાડી, ચકકરગઢ રોડ, અમરેલી પાસે બેંકની કાયદેસરની રકમ બાકી હોય જે પેટે તેઓએ તેમના ખાતાનો ચેક આપતા તે ચેક તેમના ખાતામાં અપુરતું ફંડ હોવાના કારણે ચેક રીર્ટન થતા કાયદાકીય જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યયાહી કરવાનો બેંકનો અધિકાર હોયફ અને પણ આ દિશામાં કડક પગલા ભરતા નાગરિક સહકારી બેંકે બાકીદારો સામે ચેક રીર્ટનના કિસ્સામાં કાર્યવાહી કરે હતી ત્યારે વધુ એક વખત નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન પી.પી.સોજીત્રાના માર્ગદર્શન હેઠળ બેંકના રીકવરી ઓફીસર અજયભાઈ નાકારાણીએ કિરીટભાઈ હસમુખભાઈ રાઠોડ વિરૂધ્ધ ઘી. નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટ હેઠળ કેસ દાખલ કર્યો હતો આ કાયદા હેઠળ થતા આર્થિક અનિયમિતતાના બનાવો અટકાવવા અને પ્રત્યેક ગ્રાહકને સુરક્ષિત રાખવાના મુદે બેંકે કડક કાર્યવાહી કરી હતી. આ કેસમાં અમરેલીના એડીશનલ જયુડીશયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ દ્વારા ચુકાદો સંભળાવતા ચેકની દોઢી રકમનો દંડ અને છ માસની સાદી સજાનો તા. ૪/૯/૨૪ના રોજ હુકમ થયો છે. જેમાં બેંકના વકીલ તરીકે સંજયભાઈ ડી.ચાવડા અને અજયભાઈ જે રાઠોડ શોકાયેલ હતાં. તેમજ બેંકના બાકીદારોમાં ફફડાટ વ્યાપી જવા પામેલ છે. તેવું બેંક મેનેજર દિલીપભાઈ ધોરાજીયાની યાદીમાં જણાવ્યું છે.

## અજાણ્યા આયસર ટ્રક ચાલકે હડફેટે લીધા

# સાવરકુંડલાનાં બાઈક ચાલક યુવકનું માર્ગ અકસ્માતમાં ઈજાથી મોત થયું

**રાજધાની હોટલ પાસે અકસ્માત થયેલ**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા ગામે આવેલ હાથસણી રોડ ઉપરનાં રાધેશ્યામ સોસાયટીમાં રહેતા લાભુભાઈ ઝીણાભાઈ વાઘેલાના દિકરા અજયભાઈ તથા તેના ભત્રીજા ગત તા. ૧૧નાં સવારનાં આશરે સાતેક વાગ્યા આસપાસ પોતાનું મોટર સાયકલ લઈને તળાજા ગામે જવા માટે નીકળેલ અને ત્યારે તેઓ મહુવા રોડ રાજધાની હોટલ પાસે પહોંચતા સામેથી એક અજાણ્યા આયસર ટ્રકના ચાલકે તેનો ટ્રક પુરઝડપે ગફલતભરી રીતે માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી આવી બાઈક ચાલક અજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમનું મોત નિપજયા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

## રાજુલાનાં પિપાવાવધામની ઘટના

# પત્ની માથાકૂટ કરી પિયર જતી રહેતા પતિએ ગળાફાંસો ખાઈ લીધો

**અવારનવાર થતી માથાકૂટનું પરિણામ આવ્યું**

અમરેલી, તા. ૧૩

રાજુલા તાલુકાના પિપાવાવધામ ગામે રહેતા યોગેશભાઈ ઉકાભાઈ બાંભણીયા નામનાં ૨૫ વર્ષિય યુવકે પ્રેમલગ્ન કરેલ હોય અને તેની પત્નિ સાથે અવાર-નવાર નાના-મોટા ઝઘડા થતાં હોય. જેથી યુવકનાં પત્નિ ગત તા. ૯નાં રોજ સાંજના પાંચેક વાગ્યે તેમના પિતાના ઘરે રીસામણે ગયેલ હોય. જે વાતનું લાગી આવતા તા. ૧૨ના બપોરનાં ૩ વાગ્યે પોતે પોતાની મેળે ગળાફાંસો ખાઈ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## છેલ્લા પાંચેક મહિનાથી બીમારી આવી ચડી

# સાવરકુંડલાનાં નેસડી ગામની મહિલાએ કમરનાં દુઃખાવાથી કંટાળી ઝેર પી લીધુ

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાનાં નેસડી ગામે રહેતા સ્વાતિબેન મહેશભાઈ વાળા નામની પરિણીતાને છેલ્લા પાંચેક મહિનાથી બાળકની ડીલીવરી બાદથી કમરનો દુઃખાવો રહેતો હોય અને દુઃખાવો સહન ન થતાં ગત તા. ૬નાં રોજ નેસડી ગામે પોતે પોતાની મેળે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.










*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)